Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી મહાવીર-જિનવંદન. | લે૦ શાહ બાબુલાલ પાનાચંદ. | ... ... | ૯૯ |
| ૨ અમારી પૂર્વદેશની યાત્રા. | મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ... | ... | ૧૦૦ |
| ૩ અધ્યાત્મજ્ઞાન યાને બ્રહ્મવિદ્યા. | લે૦ વીરકુમાર... | ... ... | ૧૦૬ |
| ૪ મદ-માન-અભિમાન. | લે૦ આત્મવલ્લભ... | ... ... | ૧૧૨ |
| ૫ જૈન-આચાર ... ... | શુદ્ધ આચાર પ્રેચ્છક... | ... ... | ૧૧૪ |
| ૬ શ્રી ઉપમિતિભવપ્રપંચાકથાનું ભાષાંતર ... | 'મનોનંદન'... | ... | ૧૧૮ |
| ૭ સ્વીકાર અને સમાલોચના. | ... ... ... | ... ... | ૧૨૧ |
| ૮ વર્તમાન જૈન સમાચાર. | ... ... ... | ... ... | ૧૨૩ |



જલદી મંગાવો. થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

# "નવું પ્રકટ થતું જૈન સાહિત્ય."

૧ બૃહતકલ્પસૂત્ર—પ્રથમ ભાગ. ફોર્મ ૩૮ સવાત્રણશેંહ પાનામાં, ઍંકલેઝર ઉંચી જાતના પેપરો ઉપર. કિંમત ચાર રૂપીયા.

૨ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત—બત્રીશ ફોર્મ પોણાત્રણશેંહ પાના ( સુપરરોયલ આઠ પેજી સાઇઝ ) ક્રોક્ષલીલેઝર કિંમતી કાગળો ઉપર અને ગ્રંથો મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં શાસ્ત્રી સુંદર વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઈડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત ટકાઉ કપડાથી તૈયાર કરાવવામાં આવેલ છે. કિંમત ત્રણ રૂપીયા. ( પોસ્ટેજ જુદું ).

કૃપાળુ મુનિરાજો શ્રી ચતુરવિજયજી મહારાજ અને શ્રી પુણ્યવિજયજી મહારાજના સંશોધન વગેરે અથાગ પરિશ્રમના ફળરૂપે આવું ઉચ્ચ સાહિત્ય પ્રગટ થાય છે. વિશેષ પરિચય હવે પછી.

ગુજરાતી ભાષાના ગ્રંથો.


| | | | |
|---|---|---|---|
| શ્રી પ્રભાવકચરિત્ર. ( જૈન ઐતિહાસિક ગ્રંથ. ) | .... ... | | ૨-૮-૦ |
| શ્રી પેથડકુમાર ચરિત્ર. | ( ,, ) .... .... .... | | ૧-૦-૦ |
| શ્રી ધર્મ પરીક્ષા. .... | ૧-૦-૦ | શ્રી સુરસુંદરી ચરિત્ર.... | છપાય છે. |
| શ્રી મહાવીરચરિત્ર. .... | છપાય છે. | શ્રી શ્રીપાળરાજાનો રાસ.... | ,, |


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજના પટ્ટધર



અજ્ઞાનતિમિરતરણી; કલિકાલકલ્પતરૂ—

શ્રીમદ્ ૧૦૦૮ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી સિદ્ધાચળજીમાં સૂરિજીના સ્વાગતની સ્તુતિઓ.

# ભક્તિ દર્શન.

**પધારો વલ્લભ સૂરિવર રાજ; અમારો ભાગ્યોદય છે આજ.**

જીવન ધન સમ જગ પૂજ્ય છો, આત્મયોગી સ્વરૂપ;
શાન્ત વિચારક સમાજતારક, નિર્મળ ભાવ સ્વરૂપ–
ઝીલજો વંદન હો મુનિરાજ.

જ્ઞાન પર્વના પરમ પ્રવર્તક, આગમ અંગ સુજાન;
સમાજને જાગૃત કરનારા, પ્રગતિવંત મહાન–
અમર હો કીર્તિવંત મહારાજ.

ત્યાગ રંગથી ઝળહળતા, જૈન–જગતના સંત;
વંદન કરીએ પ્રેમે આજે, યશભીના ગુણવંત–
તમારો અચળ દિવ્ય પ્રતાપ

# શ્રી વિજયાનંદસૂરિના પગલે—

એ વિજયાનંદસૂરિ મહાન્ હતા, આ વલ્લભ એના પગલે છે.
એ ભેખ તેજ ભરપૂર હતા, આ વલ્લભ ત્યાગને પથે છે.
એ ધર્મધુરંધર વીર હતા, આ શાંત સદા ગંભીર દીશે.
એને પગલે પાવન જ્યોત હતી, આને પગલે સમાજ ઉત્થાન છે.
એ વિશ્વ વિજયતા કહેવાતા હતા, આ પ્રાણપ્રણેતા કહેવાય છે.
એ શાસ્ત્ર ધર્મ પ્રચુર હતા, આનું જ્ઞાન અટુલ ગણુ એ છે.
એ પંજાબતણા ચમકાર હતા, આને શબ્દે ચમકાર દીશે.
એ જૈન સમાજના જીવન હતા, આ વલ્લભ જૈન–જવાહીર છે.
એ સૂર્યનો અસ્ત અકાળે થયો, ત્યારે સૂર્ય બીજો અહીં પ્રગટે છે.
ઉર ઉરમાં આત્મારામ રહ્યો, ગૃહ ગૃહમાં **વલ્લભ** નામ રહ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

भावयेद्यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति ॥ प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियादिभिर्व्यक्तो मनःप्रहर्ष इति ॥ कारुण्यं क्लिश्यमानेषु । कारुण्यमनुकंपा दीनानुग्रह इत्यनर्थान्तरम् ॥ तन्मोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत् ॥ तथाहि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति ॥ माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् ॥

तत्त्वार्थभाष्य – सप्तम अध्याय.

पुस्तक ३१ } वीर सं. २४६०. मार्गशिर्ष आत्म सं. ३८ { अंक ५ मो.

## શ્રી મહાવીર–જિન વંદન.

( રાગ–શુદ્ધ કલ્યાણ, તાલ ત્રિતાલ. )

વંદો ભવી ત્રિશલા નંદના,
પ્રભુ પૂર્ણ કરો મન–ભાવના......વંદો ભવી૦
એ પ્રભુ સેવત, સબ દુઃખ જાવત;
કીર્તિવંત મહાવીરા ............... વંદો ભવી૦
દેવા ! દુઃખ હરો તુજ બાલના,
એ પ્રભુ ભજત, સબ દુઃખ હરત,
સેવો ભવી મહાવીરા ... ... વંદો ભવી૦

શાહ બાબુલાલ પાનાચંદ.
( નડીઆદકર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૬૧ થી શરૂ )

અમે પાવાપુરીજી આદિ તીર્થોની પુનઃ યાત્રા કરી પહાડને રસ્તે બધું જોતા જોતા નવાદાની સડકે થઇ ગયાજી થઇ ભદ્દિલપુર ગયા.

**ગયાજી.**

પાવાપુરીથી ઉત્તરે ૩૬ માઇલ **ગયાજી છે,** તેમજ બનારસથી કલાકત્તા જતાં વચમાં જ **ગયા** જંકશન આવે છે. વૈષ્ણવો અને શૈવોનું મોટું તીર્થધામ છે. ફલ્ગુના કિનારે પોતાના પૂર્વજોને પિતૃપિંડ દેવા અનેક ભક્તો આવે છે. અહીં પંડાઓનું અધિક જોર છે. ધણા ખરા માલેતુજાર છે. આ પંડાઓએ તીર્થોનું વાતાવરણ એટલું ગલીચ અને હીન કરી નાખ્યું છે કે સારા માણસો અહીં આવતાં અચકાય, પણ છતાંય એજ અન્ધ પરંપરા અને અન્ધશ્રદ્ધા ચાલી આવે છે. રોજ હજારો રૂપીયા તેમને મળતા હશે. અહીં એક પાદુકા છે અને વિષ્ણુની મૂર્તિ છે, જ્યાં પિતૃપિંડ અપાય છે. પંડાઓને ત્યાંનું બધું ધન મળે છે. પિંડ પાછળ હજારો રૂપિયા ખર્ચનારા હિન્દમાં પડયા છે. મોતી અને હીરાની માળાઓ રેશમી વસ્ત્રો અને અનેક કિમતી દાગીના મળે છે. આમાં કોઇ ટીંખળી ગ્રાહક આવ્યો હોય તો આઠ, દસ પંડાઓને એકઠા કરી બધાની સાથે વાતો કરી પોતાનું કામ કરવા તૈયાર કરે. પછી બધા ભેગા થઇ મારામારી કરે, ધોકાબાજી ઉડે, હરામના માલનું પરાક્રમ દાખવે અને ગ્રાહક—પ્રેક્ષકો તાલી પાડતા હશે. પંડાઓને બેવકુફ બનાવી રસ્તો માપી જાય. અહીં બ્રાહ્મણોનું જોર છે. શ્વેતાંબર જૈનનું એક પણ ઘર નથી. દિગંબર જૈનો વસે છે, એક મંદિર પણ છે. આપણા સાધુઓને ઉતરવાના સ્થાનની પણ મુશ્કેલી પડે છે. અહીંથી બુદ્ધગયા સાત માઇલ છે.

**બુદ્ધગયા.**

બુદ્ધગયામાં પણ હજારો યાત્રી આવે છે, શું બૌદ્ધ કે હિન્દુ બધાય આવે છે. અનેક ધર્મશાળાઓ છે, સેંકડો બાવા—સાધુઓ ત્યાં પડેલાં હોય છે. બૌદ્ધો માટે ત્યાંની મ્યુનીસીપાલીટીએ એક વિશાલ સુંદર ધર્મશાળા બંધાવી છે. પુષ્કળ બૌદ્ધયાત્રીઓ આવે છે અને જાય છે. રોજ નાનકડા મેળા જેવું રહે છે. અહીં અમને ઉતરવાની મુશ્કેલી પડી હતી. બુદ્ધગયાના મંદિરનો વહીવટ શ્રીમાન્ **શંકરાચાર્યજી** કરે છે. તેઓ બહુ જ ભલા અને સજ્જન માણસ છે. તેમણે અમને પોતાના મઠના એક ભાગમાં ઉતરવાનું સ્થાન આપ્યું. શંકરાચાર્યજી એટલે બીજો રાજા સમજી લ્યો. રાજસત્તા પોતાનું ગૌરવ ટકાવી રાખવા જે વ્યવસ્થા અને વહીવટ કરે તે બધું અમે અહીં જોયું. કયાં ભારતની એ ત્યાગી નિષ્પરિગ્રહી સાધુ સંસ્થા અને કયાં આજની આ પરિગ્રહધારી સત્તાની મૂર્તિ સમા શંકરાચાર્યજીની સાધુ સંસ્થા. તેમનો ઠુમાર, તેમનું ગૌરવ, પરિગ્રહ, વહીવટનો પ્રપંચ અને સત્તાનો શોખ જોઇ તમને એમ ન લાગે કે આ કોઇ ધર્મગુરૂ છે. તેઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મગુરૂપદ કરતાં રાજામહારાજાનું પદ સુંદર શોભે તેમ હતું. અસ્તુ. માણસ મળતાવડા, અને પ્રેમી છે. બપોરે અમે તેમને મળ્યા; તેમણે કહ્યું હતું " હું આપની સાથે જૈન ધર્મ સંબંધી ચર્ચા કરવા માંગું છું. જૈન ધર્મ પ્રત્યે પ્રેમ છે–માન છે. તેમની સાથે ચારથી પાંચ કલાક વાર્તાલાપ ચાલ્યો. સ્યાદ્વાદ માટે ઘણો વાદ થયો તેમજ તીર્થંકર માટે પણ તેમને ઘણી શંકાઓ હતી. જગતકર્ત્તા સિવાય તો ચાલે જ કેમ? અમે જૈન ધર્મના સિદ્ધાંત અને દૃષ્ટિબિન્દુ સમજાવ્યાં. સ્યાદ્વાદમાં તો તેમને રસ પડયો પણ જગત કર્તૃત્વ વિરૂદ્ધની દલીલો તેમને ન ગમી, અન્તમાં કહે—सब सब का सिद्धान्त है, सब सब की मान्यता है । પછી અમે ધીમે રહીને પૂછયું આ બુદ્ધગયા તો બૌદ્ધોનું પવિત્ર સ્થાન છે આ વિશાલ ગગનચુમ્બી મંદિર પણ બૌદ્ધોનું છે એમ અમે સાંભળ્યું છે. તેમણે હસીને જવાબ આપ્યો " તે વાત તદ્દન જુઠી છે. અમે બૌદ્ધાવતાર માનીએ છીએ, અને આ મંદિર સનાતનધર્મી......રાજાએ બંધાવેલ છે. અમારી પાસે તેના સજ્જડ પુરાવા છે. બૌદ્ધો ફોગટનું લઈ પડયા છે. " પછી અમે તે મંદિર જોવા ગયા. મંદિર વિશાલ અને ઉન્નત છે. પ્રાચીન બાંધણી અને રચના તેની મહત્તામાં વધારો કરે છે. શાંત પ્રગાઢ, ગંભીર મોટી બુદ્ધદેવની મૂર્તિ બેઠી છે. શિલ્પકારે બુદ્ધદેવના હૃદયંગત ભાવોનું સફલતા પૂર્વક પ્રદર્શન કરાવ્યું છે. પોતાની સંપૂર્ણ કળાનો ઉપયોગ કરી સિદ્ધહસ્ત બનેલ છે. મંદિર સાત માળ ઉંચું છે. ત્રણ માળ સુધી ઉંચે જવાય છે. પછી તો શિખરોના આકાર જ છે. પરન્તુ અહીં એક વાત જરૂર ખટકી; જૈન મંદિરોની જે સ્વચ્છતા સુંદરતા અને સુઘડતા છે તેનો જોટો બીજે નહિં જ મલે. અહીં પણ સ્વચ્છતાનું નામ ન મળે.દુનિયાના બૌદ્ધોનું તીર્થ કેવું ગન્દુ, ઘીના ડાઘ અને ચિકણાઇથી બેહુદુ લાગે છે. ચાલતાં ચાલતા પડવાનો ભય લાગે જૈનોનાં તીર્થોમાં જૂવો. તારંગા, આબુ કે માણેકસ્વામિ, સિદ્ધાચલ, ગિરનાર કે શંખેશ્વરજી ગમે ત્યાં જુવો પવિત્રતા, સુંદરતા, સ્વચ્છતા અને સુઘડતા ઠાંસી ઠાંસીને ભરી હોય છે.

અહીં અમને નેપાલભૂતાનના, સિલોનના અને રંગુનના બૌદ્ધ સાધુઓ મળ્યા. તેમના આપસમાં પણ અનેક નાના નાના ધાર્મિક મતભેદો અમે ત્યાં જોયા. તેમાં નેપાલી સાધુ બહુ જ ભલા અને ભોળા લાગ્યા. અમને જોઇ ગાંડાઘેલા થઇ ગયા. ઓહો હો ! જૈન સાઢું–ધુ. હુંમ મહાવીર કે સાધુ–ઢું. તેમાં એક સાધુએ તો હાથ લાંબો કરી ઓઘાની–ભગવાન્ મહાવીરના ધર્મધ્વજની માગણી કરી, અમે કહ્યું કે જેઓ જૈન શ્રમણ–નિર્ગ્રંથ બને છે તેમને જ આ ઓઘો અને ડાંડો અપાય છે ત્યારે તેમણે કહ્યું કે–હું એક વાર જરૂર જૈન સાધુ–નિર્ગંથ થઇશ. આ વસ્તુ ( ઓઘા ) પ્રત્યે મને બહુ જ પ્રેમ અને ભકિત ઉત્પન્ન થાય છે. એનો ઓઘા પ્રત્યે અટલ પ્રેમ જોઇ અમે પણ ક્ષણ વાર મુંઝાયા. અમે જ્યાં સુધી ત્યાં ફર્યા ત્યાં સુધી તેમણે અમારો ઓઘો જ જોયા કર્યો. ભદ્રિક પરિણામી અને સરલતાની મૂર્તિ જેવા તેઓ હતા. તેઓ ન સમજે પુરી હિન્દી ભાષા કે અમે ન સમજીએ તેમની નેપાલી ભાષા. માત્ર અમુક ઇંગિત સંજ્ઞાથી ઐદમ્પર્ય સમજાતું. તેઓ બિચારા પરાણે પરાણે ભાંગ્યુ તુટયું હિન્દી બોલતા. બાકી સંજ્ઞાથી અમે તેમજ તેઓ એક બાજુનું કહેવાનું સમજી જતા.

એક રંગુની સાધુ લગાર અહંભાવી અને આગ્રહી દેખાયો. જૈનો વિરૂદ્ધ ત્રિપીટકમાં

For Private And Personal Use Only

વાંચેલી એક **વિરોધી** કથા ભાંગી તુટી હિન્દીમાં કહી સંભળાવી. અમે તેમને સત્ય **સમજાવી** મૂળ કથાનો આશય સમજાવ્યો પણ એ કેમ માને ? ભગવાન્ મહાવીર અને તેમના ધર્મ માટે હૃદયમાં જે આગ ભરી હતી તે ભડકવા માંડી. અમે પણ ઉત્તર આપતા જતા હતા. અન્તે તે તો ઉઠીને ચાલ્યા જ ગયા. એને તો એમજ હતું કે તમે મારૂં સાંભળો હું તમારૂં ન સાંભળું. અમે કહ્યું એ ન્યાય નથી. આ **સિવાય** બીજી પણ **ઐતિહાસિક** ચર્ચા ચાલી હતી. ભગવાન્ મહાવીરને નિગ્ગંઠનાથપુત્ત-**નાયપુત્ત** તરીકે બહુ સારી રીતે ઓળખે છે. બીજે દિવસે અમે ભદ્દિલપુર જવા વિહાર કર્યો ત્યાંથી ૧૪ માઇલ દૂર ડોભી ગયા ત્યાં ડાક બંગલામાં ઉતર્યા. ભદ્દિલપુર જવાનો રસ્તો શોધવા માંડ્યો જેને પૂછીએ તે બધાય જુદો જુદો રસ્તો બતાવે. અન્તે બુદ્ધગયામાં શંકરાચાર્યજીએ જે રસ્તો બતાવ્યો હતો તે જ રસ્તો ટુંકો હતો. અમે પણ તે જ માર્ગ લીધો.

## ભદ્દિલપુર એક ધ્વસ્ત જૈન તીર્થ.

અહીં **શીતલનાથ** પ્રભુનાં ચાર ( ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન ) કલ્યાણક થયાં છે. અન્તીમ તીર્થપતિ શ્રી મહાવીરદેવે અહીં ચાતુર્માસ કર્યું છે. મહાસતી પરમ આહર્તોપાસિકા-**શ્રાવિકા સુલસાને** અંબડદ્વારા સંદેશ-ધર્મલાભ મોકલ્યો હતો. આવી રીતે આ સ્થાન અત્યંત પ્રાચીન અને પુનિત છે, કિન્તુ અધુના આ સ્થાનને ભદ્રિલ-પુર તરીકે કોઇ ઓળખતું નથી. હાય ! કાલચક્રના સપાટામાંથી કોણ બચ્યું છે કે આ નગરી પણ બચે ? અમે ભદ્દિલપુર જવા જંગલના ટુંકા રસ્તે ચાલ્યા, પરન્તુ અધ-વચ્ચે ભયંકર અરણ્યમાં અમે ભૂલા પડયા-માત્ર અમે ત્રણ જણ હતા કોઇ માણસ પણ ન મલે. રસ્તે જનાર કે આવનાર પણ કોઇ ન મલે. જે સ્થાને અમે ૮-૯ વાગે પહોંચવાની ધારણા રાખતા ત્યાં જંગલમાં ૧૧ વાગ્યા. ગરમી કહે મારૂં કામ. તરસ લાગેલી. થોડું પાછા વળી દૂરથી ખેતરમાં આદમી દેખાતા ત્યાં ગયા. બહુ મુશ્કેલીથી રસ્તો મળ્યો એક વાગે આઠ દસ ઝુંપડાંવાળું ગામ આવ્યું જેને અત્યારે **હટવરીયા** કહે છે. ગામમાં આઠ દસ ઝુંપડાં એજ મકાનો કે ધર્મશાલા હતાં. ઉતરવા માટે કયાંય સ્થાન નહતું. ત્યાં એક પોલીસ ચોકી દેખી. પણ વિચાર્યું ચાલો પહાડ પાસે કયાંક ધર્મશાળા હશે. એ માઇલ ચાલી ત્યાં ગયા. માત્ર વડનાં ઝાડ ધર્મશાળારૂપે હતાં. ધર્મશાળા તો ખંડિયેર રૂપે ઉભી હતી. ઝાડ નીચે રાત કોઇ રહેતું નહિ. જંગલનો મામલો, ડર જેવું ખરૂં, અમે થાકયા-પાકયા બેસવાનો-વિશ્રાંતી લેવાનો વિચાર કર્યો પરન્તુ ત્યાં તો પહાડ ઉપરથી માણસો બકરાનાં કપાયેલાં ધડ લઇ લોહીથી ખરડાયેલા, લોહીનાં ટીપાં જમીન ઉપર પડતાં હતાં અને આવી પહોંચ્યા. અમને પ્રથમ બહુ આશ્ચર્ય થયું પણ આજે . ...સાતમ અને વાર...હતો. દેવીને બલિ ચડે છે તેનો દિવસ હતો. અમે થોડો ઉપદેશ શરૂ કર્યો પણ અમારૂં ત્યાં કાંઇ ન ચાલ્યું. અન્તે અમે ઉઠી પુનઃ ગામમાં આવી પોલીસ ચોકીમાં ઉતારો કર્યો.

બીજે દિવસે પહાડ ઉપર ચઢયા ચઢાવ કઠીણ અને મુશ્કેલીભર્યો છે. પહાડ બહુ ઉંચો નથી પરન્તુ વચમાં રસ્તો જ ખરાબ છે. જેમ તેમ કરી ઉપર પહોંચ્યા ત્યાં સામે જ એક ઝાડના થડમાં **જિનવરેંદ્રની ખંડિત મૂર્તિ** જોઇ. ત્યાં સામે એક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માતા–દેવીનું મંદિર છે જ્યાં બકરાં અને પાડાનો બલિ દેવાય છે. મંદિરની બહાર ચોગાન છે જ્યાં ઝાડના થડમાં રહેલ જિનેશ્વરની મૂર્તિની દૃષ્ટિ દેખાય છે. ત્યાં જ વધ થાય છે. અહિંસાના અવતાર, કરૂણાસાગર સામે નિર્દોષ પશુઓનો બલિ દેવાય એ પણ અવધિ જ લેખાય! તે દિવસે આવેલ બકરાંને અમે તેમના માલિકોને અને પંડાઓને સમજાવી જીવિતદાન આપ્યું. નવ બકરાં જીવતાં ઘેર ગયાં પંડાઓને ઘણું સમજાવ્યું કે આ જૈનોનુ સ્થાન છે. અહિં હિંસા ન થાય પણ તેમણે કહ્યું કે–આના ઉપર અમારા સો ઘરની રોજી છે તેનું કેમ? આ દેવી પણ જૈનશાસનદેવી જ છે. યદિ અહીં પુનઃ જીર્ણોદ્ધાર થાય તો પંડાઓ માને તેમ છે.ત્યાંથી આગળ થોડે દૂર એક મોટું વિશાલ સરોવર છે, જેમાં લાલકમલો થાય છે. બીચતળાવમાં જિનેશ્વરની પાદુકાવાળો મોટો પથ્થર છે. પાવાપુરીના જલમંદિરનું અનુકરણ છે પરન્તુ જૈનોના આવગમનના અભાવે તે કાર્ય પુરૂં નથી થયું, ત્યાંથી ઉપર બીજી પહાડી ઉપર ગયા ત્યાં ખંડિત જિનમંદિર અને મૂર્તિ જોઇ. ત્યાંથી આગળ જતાં પહાડમાં કોરેલી દસ શ્વે. જિનમૂર્તિઓનાં દર્શન કર્યાં. આખા પહાડમાં આ સ્થાન શુદ્ધ અને પવિત્ર છે. કોઇ રડયોખડયો યાત્રી આવે છે. મૂર્તિઓ નાની પણ સુંદર છે. આ સ્થાનથી પણ ઉપર થોડેદૂર આકાશવાણીનું સ્થાન છે. આખા પહાડમાં ઉંચામાં ઉંચું સ્થાન આજ છે. જાણે આકાશ સાથે વાતો કરતું હોય તેવું દેખાય છે. ઉપર ચઢવામાં જાનનો નુકશાન થાય તેવું છે. સાહસ કરી ભક્તિ અને પ્રેમથી પ્રેરાઇ અમે ઉપર ચઢયા શાસનદેવની કૃપાથી વાંધો તો ન આવ્યો પરન્તુ ઉતરતા તો યાદ કરી ગયા. સિધ્ધું નીચે ઉતરવાનું, લપસે તો ખીણમાં જ પડે. ઉપર જિનેશ્વરની પાદુકા છે. અહીં પ્રભૂ એ ઉપદેશ આપેલો અને ઉંચામાં ઉંચું સ્થાન છે એટલે આકાશવાણી કહે છે. ત્યાંથી નીચે ઉતરી ત્રણ પહાડી વટાવી સામેની પહાડી તરફ ગયા, જ્યાં એક ગુફામાં નવફણાવાળી શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ છે. અજ્ઞાનલોકો તેને ભૈરવજી કહી સિંદુરથી પૂજે છે, નારીયેલ ચઢાવે છે. અહીં હિંસા નથી કરતા. મૂર્તિ બહુ જ ચમત્કારી માને છે. મૂર્તિ બહુ સુંદર, પ્રભાવશાલી, તેજસ્વી, ભવ્ય અને મનોહર છે. હૃદય ઉપર શ્રીવત્સ છે, નીચે બે બાજુ સિંહ, વચમાં ધર્મચક્ર ( આવી મૂર્તિઓ મથુરાના કંકાલીટીલામાંથી ઘણી નીકળી છે જે અત્યારે લખનૌ અને મથુરાના મ્યુઝીયમમાં છે. કુશાનકાલીન કહેવાય છે. ) તેના ઉપર નાગરાજ ( સર્પ )નું સુંદર આસન બનાવ્યું છે. શીલ્પકારે પોતાની સંપૂર્ણ કલાનો ઉપયોગ કરી આસન બનાવ્યું છે અને તે એવી કુશલતાથી કે લંછન પણ જણાય અને આસન પણ બને. દરવર્ષે હજારો યાત્રી અહીં આવી યથાશક્તિભક્તિથી પ્રભુચરણે ધન ધરે છે, નૈવેદ્ય ચઢાવે છે અને સિંદુરથી પૂજે છે. ત્યાંય થોડે નાની ગુફામાં એક નાની જિનમૂર્તિ છે. ખંડિત છે. લોકોએ અજ્ઞાનતાથી સિંદુરના થથેડા કરી આકૃતિ બગાડી નાંખી છે. ત્યાંથી પુનઃ એ રક્તરંજીતસ્થાને આવ્યા. પંડાઓને ઉપદેશ તો સારી રીતે આપ્યો હતો. કહ્યું કે–આ જૈનશાસન દેવી છે તેની સામે આ પાપલીલા ન હોય પરન્તુ રસેન્દ્રિયના ગુલામ ભૂદેવોએ જ્યાં પોતાના સ્વાર્થ ખાતર જ આ પાખંડ ચલાવ્યું છે ત્યાં ઉપદેશ પણ કેટલી ઘડી ટકવાનો હતો? અમારી સાથે આવેલા એક સિપાઇએ કહ્યું કે અહીં ઘણી જૈનમૂર્તિઓ હતી પરન્તુ આ પંડાઓએ ઘણી તોડીફોડી નાંખી દીધી છે. તેમનું ચાલે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલમાં જેટલી મૂર્તિઓ છે તે પણ ન રાખે પરન્તુ કેટલીક પહાડમાં કોતરેલી છે; અને જે છૂટક છે ત્યાં ચમત્કાર છે. આવક પણ આવે છે એટલે આ થોડી મૂર્તિઓ રાખી છે,

આ હટવરીયા ગામ અને પહાડ કલકત્તાના સુપ્રસિદ્ધ **દાનવીર બાબુ રાયબદ્રીદાસ મુકીમે** ખરીદી લીધેલ છે, એટલે શ્વેતાંબર જૈન તીર્થ છે. આમાં શ્વેતાંબર જૈન સંઘે ખુશી થવા જેવું છે. પરન્તુ આ ધ્વસ્ત તીર્થનો ઉદ્ધાર કરવાની પરમ આવશ્યકતા છે. નવીન તીર્થ કરતાં પ્રાચીન તીર્થના જીર્ણોધ્ધારમાં ઘણું ફલ છે. તેમાંય આ તો તીર્થંકર પ્રભુની કલ્યાણક ભૂમિ છે. આ તીર્થનો વિશેષ ઇતિહાસ જૈન જ્યોતિના પ્રથમ વર્ષના અંકમાં મેં આપ્યો છે એટલે અહીં લંબાણ નથી કર્યું.

ભદ્દિલપુર તીર્થભૂમીની ક્ષેત્રફરસના જરૂર જૈનોએ કરવી જોઇએ. આ સ્થાન ગ્રાન્ટ ટ્રેન્ક રોડ ઉપર કાશીથી આવતાં શેર ઘાટીથી છ કોસ દૂર છે અને શિખરજીથી આવતાં ડોભી ગામથી છ કોશ દૂર છે. ગૃહસ્થો માટે કાશીથી શિખરજી યાતો કલકત્તા જતાં **ગયાજી** સ્ટેશન વચમાં આવે છે ત્યાંથી સીધે રસ્તે હન્ટરગન્જ યાતો શેર ઘાટી મોટરો જાય છે અને ત્યાંથી ભદ્દિલપુરનો રસ્તો મળી જાય છે. પહાડની નીચે ભદ્દિલા ગામ પણ છે એટલે પ્રાચીન નગરી તે બાજુ હોય તેમ સંભવે છે. ત્યાંથી પહાડનો ચઢાવ પણ સ્હેલો છે. ત્યાંથી માત્ર માઇલ દોઢ માઇલનો જ ચઢાવ છે. બેશક સ્થાન ખુણામાં છે પરન્તુ જરૂર તીર્થભૂમિની ફરસના કરવી જોઇએ.

અમે ભદ્દિલપુરથી પુનઃ ડોભી જંગલને રસ્તે આવ્યા. આ વખતે પણ ભૂલા તો પડયા પરંતુ એક માણસ મળી જવાથી સરલતા રહી.

અનુક્રમે અમે ડોભીથી ૮૪ાા માઇલ વિહાર કરી **ઇસરી** ( હાલ પાર્શ્વનાથ સ્ટેશન કહેવાય છે.) આવ્યા. અહીં આ. ક. પેઢીની ધર્મશાળામાં ઉતર્યા. ત્યાંથી નિમિયાઘાટ થઇ શિખરજીની પુનઃ યાત્રા કરી. શિખરજીનું વિવેચન આગળ આવી ગયું છે પરન્તુ હમણાં કેટલાક ગ્રંથોનું અવલોકન કરતાં જણાયું કે પ્રાચીન સમયમાં અહીં જિનમંદિર અને મૂર્તિઓ ઘણી હતી. પ્રમાણ આ પ્રમાણે છે.

વૃન્દારૂવૃત્તિકર્ત્તા **શ્રી દેવેન્દ્રસૂરિ.**

सोऽप्यूचे यत्र संप्राप्ता, विंशतिस्तीर्थनायकाः ।
निर्वाणं तेन शैलोऽसौ, संमेतस्तीर्थमुत्तमम् ॥ १३ ॥ પૃ. ७८

× × ×

ततश्च सम्मुखायातदेवार्चकनरानुगः
आरोहत्सपरीवारस्तं शैलं नृपतिर्मुदा ॥ २३ ॥

जिनायतनमालोक्य, नृत्यति स्म दधत्तनौ
असंमान्तमिवानन्दं रोमाञ्चव्याजतो बहिः ॥ २४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चैत्यान्तर्विधिवद्गत्वा, कृत्वा तिस्रः प्रदक्षिणाः
स्नपयित्वा जिनानुच्चैरर्चयामास सादरः ॥ २५ ॥

दत्वा महाध्वजादींश्च, कृत्वा चाष्टाह्निकोत्सवम्
ततश्चाशातनाभीरु रुत्ततार नृपो नगात् ॥ २६ ॥

( દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધારફંડ તરફથી પ્રકાશિત વૃન્દારૂવૃત્તિ પૃ–૭૮–૭૯ )

श्रीनागेन्द्रगणाधीशैः श्रीमद् देवेन्द्रसूरिभिः
प्रतिष्ठितो मंत्रशक्तिसंपन्नसकलेहितैः
तैरेव सम्मेतगिरेर्विंशतिस्तीर्थनायकाः
आनिन्यिरे मंत्रशक्त्या त्रयः कान्तीपुरीस्थिताः

( પં શ્રી ઉમંગવિજયજી તરફથી પ્રકાશીત ચંદ્રપ્રભચરિત્રની મો. દ. દેશાઈ લીખિત પ્રસ્તાવનામાંથી. )

આ સિવાય કુંભારીયામાં શ્રી નેમિનાથજીના મંદિરમાં દેવકુલિકાએ છે તેમાં એક દેવકુલિકાના દરવાજા ઉપર લેખ છે. લેખ બહુ મોટો હોવાથી અહીં નથી આપતો પરન્તુ તેમાં એમ લખ્યું કે "શરણદેવ પુત્ર વીરચંદ્રે ભ્રાતાપોત્ર પૌત્ર પરિવાર સાથે ૧૩૪૫માં શ્રી પરમાણંદસૂરિના ઉપદેશથી સમેતશીખર તીર્થ ઉપર મુખ્ય પ્રતિષ્ઠા કરી હતી.

( હિન્દી આત્માનંદ પ્રકાશ ૧૯૩૩ના મે મહિનાના અંકમાં પં કસ્તુરવિજયજીને કુંભારીયાજીની યાત્રામાં આ શિલાલેખ આખો પ્રગટ થયો છે. ) આ બધા પ્રમાણો એમ સુચવે છે કે શ્વેત. આચાર્યોએ ત્યાં પ્રતિષ્ઠાએ કરાવી હતી. ત્યાં મોટાં મંદિરો અને અનેક જિનમૂર્તિએ હતી અને તે બધી શ્વેતાંબરી જ. એક સાથે વીસ પ્રતિમાજી અહીંથી ગુજરાતમાં શ્વે, મંદિર માટે શ્વે, આચાર્ય લઈ જાય છે ત્યારે અહીં કેટલી પ્રતિમાજી જિનમૂર્તિએ હશે? આ બધા પ્રમાણો સમ્મેતશિખર પહાડ અને મંદિરો શ્વે, છે તેને જીવતા જાગતા પુરાવારૂપ છે. દિ. ભાઈઓ આ બધું સમજી જુઠ્ઠા કેસ કરવાનું માંડીવાળી આત્મ–કલ્યાણના પરમમાર્ગે પ્રવર્તે એ જ શુભેચ્છા. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મજ્ઞાન યાને બ્રહ્મવિદ્યા.

## न ऋते ज्ञानात् मुक्तिः

ઉપરોક્ત વિષયમાં જીવન-સાફલ્યતા એટલે જીવોન્નતિ એ વિષય ઉપર વિવરણ કરવામાં આવ્યું છે, પણ આત્મોત્કર્ષ અથવા આત્મોન્નતિ કયા સાધન-દ્વારા કરી શકાય તે જાણવાની ખાસ આવશ્યકતા છે.

જ્યાં સુધી જીવાત્મા માયાવેષ્ટિત હોય, અને કર્મપટલથી આચ્છાદિત હોય અને પૂર્વપાપના પ્રભાવથી અત્યંત આસક્તિ હોય ત્યાં સુધી જીવાત્મા કોઇ કાળમાં મોક્ષમાર્ગી થવાને ઉત્સાહ કરી શકતો નથી પણ વધારે વધારે માયામાં પરોવાય છે, તેને અસત્યમાં સત્ય ભાસે છે, સત્ય વસ્તુને અસત્ માને છે, કષાયાદિ વિષયોમાં ચિરકાળ પ્રવૃત રહે છે. આ બધી જીવાત્માની બાલદશા છે. જેવી રીતે બાળક પોતાના સત્ય સ્વરૂપને વીસરી જાય છે તેમ જીવાત્મા અજ્ઞાનાવસ્થાને કારણે સ્વભદ્ર જોઇ શકતો નથી.

આ સંસારમાં આજે સર્વના મુખમંડળ ઉપર આશા, ઉત્સાહ અને હાસ્યમયી પ્રભા દૃષ્ટિગોચર થઇ રહી છે. આપણે આજે લૌકિક વિષયોમાં અત્યંત આહ્‌લાદનો અનુભવ જેટલા પ્રમાણમાં મસ્ત બની કરી રહ્યા છીએ તદ્વત્ દીર્ઘકાળ પશ્ચાત્ આ જીવનની ભાવી સ્થિતિના મુખપ્રતિ દૃષ્ટિપાત કરવા કાંઇ પણ સમય લેતાં નથી તો ખરેખર આ બાબત શોચનીય છે.

દિવાની દુનીયારૂપી દરીયાના વિપત્તિઓરૂપી વારિ તરંગના વિરાટ ચક્રમાં આ આત્મરૂપી નાવની સલામતી સાધવાને અને કુશલ કર્ણધાર થઇ તે નૌકાને પાર ઉતારવાને હે પ્રમાદી જીવો ! ઉત્સાહપૂર્વક બ્રહ્મજ્ઞાનના જ્ઞાતા થવાને ઉત્સુક થતા નથી, તેથી આ જીવનની અવનતિ અને અનીષ્ટ કરી રહ્યા છીએ.

હે મુસાફર ! ત્હારા સુખનો સ્વાર્થ સિદ્ધ કરવાને અને શરીરરૂપી નગરીનાં આત્મરાજનો વિદ્રોહી બની તેનું અયોગ્ય રીતે દમન કરી વિષયાસક્તિમાં જેટલા પછાડા મારે છે, તેથી ત્હારા ચિરકાળ શાંતિસ્થાનથી વિમુખ થતો જાય છે.

જગતના ક્ષણિક વૈભવમાં રસજ્ઞ તેમજ રાગ, દ્વેષ, લોભ અને મોહાદિમાં મગ્ન તથા સ્ત્રી-પુત્ર-ધનાદિમાં અત્યંત મમતાવાળો અજ્ઞાનતાના કારણે રહે છેઃ કારણ કે આત્મજ્ઞાનનો હજુ સુધી અભાવ જ છે. અને જ્યાં જ્ઞાનનો અભાવ છે ત્યાં દરેક જીવાત્માની અજ્ઞાનદશા જ છે. જ્ઞાન એ જ અજ્ઞાનતાને દૂર કરવાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ સાધન છે. "જ્ઞાન ગંગ બન મછ માનવી જલ વિન મીન મરંત" જેવી રીતે જલહીન નદીમાં મછ રહી શકે નહિ તેમ અજ્ઞાનાવસ્થામાં આત્માનો ઉદ્ધાર હોઈ શકે નહિ. હે મન! જેઓ દુઃખને લીધે અથવા તો આળસને લીધે શાસ્ત્રોક્ત જ્ઞાન સમજવાને યત્ન કરતાં નથી, પરંતુ શાસ્ત્રવિધિનો ત્યાગ કરે છે તે રજોગુણી અથવા તમોગુણી જીવાત્માઓ ગણાય છે.

જે જીવાત્માઓ પૂર્વતપના પ્રભાવથી પાપમુક્ત થયા હોય અને તેના પવિત્ર હૃદયમાં બ્રહ્મજીજ્ઞાસા ઉદ્ભવી હોય, મુમુક્ષત્વ પ્રાપ્ત થયું હોય, તથા જેના મનની વૃત્તિઓ સત્ અને અસત્‌ના વિચાર તરફ વળી સંસારમાં સુખમય ભાસતાં અનેકાવિધ પદાર્થોમાં સત્ અને શાશ્વત શું છે? તેના નિશ્ચય તરફ જે જીવાત્માનું મન પ્રેરાયું હોય તે તેવા જીવોની પ્રવૃત્તિ સત્ત્વગુણી હોય તો તેઓ સાત્ત્વિક હોવાથી આત્મજ્ઞાનનાં અધિકારી છે.

પરંતુ તેમની શ્રદ્ધા સત્ત્વગુણથી ભિન્ન હોય તો અધિકારી ગણાય નહિ અને આત્મસિદ્ધિના સિદ્ધ થઈ શકે નહિ. જે જીવોની હરહંમેશ વૃત્તિઓ ઇશ્વરાભિમુખ હોય તે જ સિદ્ધારૂઢ થઇ શકે.

આ ભયંકર ઘોર કલિકાળમાં એકાગ્ર ચિત્તથી અધ્યાત્મજ્ઞાનનું શ્રવણુ, મનન અને નિદિધ્યાસનના સાધનથકી મનુષ્ય સંસારસાગરને ઓળંગી જઇ શકે છે. અર્થાત્—કલિકાલ સામ્રાજ્યમાં સંસારસમુદ્રને તરી જવાને ઉતમોત્તમ જ્ઞાન એક જ ઉપાય છે.

હે ચેતન! આ દેહ મલ, મૂત્ર, રૂધીર, અસ્થિ, પલ, ચિંતા, દુઃખ અને ક્ષણિક સુખનો ખજાનો છે તેનો કદિ વિચાર કર્યો છે? અને જો હે મિત્ર! ન કર્યો હોય તો આજે કરી લે અને પછી આ જીવનની સાફલ્યતા અને આત્મશ્રેય સાધવાને અનુકૂલ સાધનસામગ્રી સાધી લેવાને જ્ઞાનપ્રાપ્તિમાં મચ્યો રહે, જે જે જ્ઞાનસાધનથી દીર્ઘકાળ શાંતિ—સુખામૃતનું પાન કરવાને સદાનો ભાગ્યશાળી થઇ રહીશ.

કાલપ્રયાણુ સમયે દેહની દુર્દશા અને પોતાના દુષ્કત્યોનો વિચાર કરી પશ્ચાત્તાપ કરવા મંડીએ છીએ કિંતુ મૃત્યુ કોઇને મુકતું નથી ને દેહનો કાલે નાશ છે તો મૃત્યુના ભયથી મનુષ્ય મુક્ત થઇ શકતો નથી.

હે બાલ! મૃત્યુભય શા માટે રાખે છે? કારણુ કે સવ વસ્તુ કાલને આધીન છે અને કાળે કરી નાશ થાય છે. વળી "એટલે જન્મ અને મરણુની એ જ આ શરીરની પ્રકૃતિ છે." એમાંથી બચવાનો ઉપાય આત્મજ્ઞાન જ છે.

मृत्युना बिभेत किं बालसच भीतं नमुंञ्चाति,

अजातम् नैव गृहणाति कुरु प्रयत्नमजन्मनि.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલના વિકરાળ ભયથી ત્રાસ પામતાં હે બાલજીવ તેને કાલદેવ મૂકતો નથી. જો મૃત્યુદેવને જીતવો હોય તો અમરાવસ્થા પ્રાપ્ત કર જેથી જન્મ અને મરણનો ભય કોઇ કાળમાં તેને સંભવે નહિ.

“ હું માતાના ગર્ભવાસમાં ફરીવાર જન્મ લઇ સ્તનપાન કરવા ઇચ્છતો નથી” એવી મનની વૃત્તિના બલવડે અસ્મિતા, સંમોહ અને અવિદ્યાના પડદાઓ ત્રુટી જાય છે.

હે જીવ ! પુનઃ માતુ પયોધરરસનું પાન ન કરવું હોય તો બ્રહ્મજ્ઞાનામૃતનું પાન કરવાથી પુનઃ કાળ આવતો નથી.

આ સંસારનું સર્વ જ્ઞાન મેળવવા જેટલા પ્રયત્નશીલ થાવ પણ જ્યાં સુધી આ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી ઇન્દ્રિય જન્ય સુખો સિવાયનું અન્ય સુખ પ્રાપ્ત કરવાને કદિ ભાગ્યશાળી બનશો નહિ, અને ત્યાં સુધી મરણ ભયમાંથી મુક્ત થઇ શકવાના નથી. કદાપિ દુઃખકાળે સ્મશાનવૈરાગ્યથી મરણ-ભય દૂર થતો નથી તેમ મિથ્યા પરોપકારથી કાલના ત્રાસથી બચવાને શક્તિ-વાન થવું અસંભવિત છે.

શ્રીમાન્ શુભચંદ્રાચાર્યે જ્ઞાનાર્ણવમાં કહ્યું છે કેઃ—

अहोऽनंतवीर्योऽयमात्मा विश्वप्रकाशकः
त्रिलोकयम् चालयत्येव ध्यानशाक्तिप्रभावतः ॥

આ વિશ્વને પ્રકાશ આપનાર આત્મા અનંત શકિતવાળો છે, તે પોતાની ધ્યાનશકિતના પ્રભાવથી ત્રણ ભુવનને હલાવવા સમર્થ છે. આ આત્મશકિતને દેવો અને અસુર પણ વશ થાય છે તો પછી સામાન્ય મનુષ્યો અને પશુઓની તો વાત જ શી ? આ આત્મશકિત આગળ મોટા નરેંદ્રો અને ચક્રવર્તીઓ પણ નમી પડે છે આત્માનું પ્રેમ સ્વરૂપ જયારે પ્રકટ થાય છે ત્યારે તે સ્વરૂપ પ્રકટ કરનારની સમીપમાં આવનારા વિરોધીઓનો વિરોધ ટળી જાય છે. પ્રેમની પ્રભા આગળ વૈરવિરોધનું વાદળ ટકી શકતું નથી.

મનુષ્યોને પોતાના આત્માના દિવ્ય આનંદનું ભાન જેટલા પ્રમાણમાં ઓછું તેટલા પ્રમાણમાં તે આનંદ મેળવવા માટે બાહ્ય પદાર્થો વિષે ઇચ્છા કરે છે, પણ ખરા આત્માજ્ઞાનનો આનંદ પોતાનામાં રહેલો હોવાથી તે બાહ્ય વસ્તુઓના સદ્‌ભાવ કે અભાવમાં એક સરખી પ્રસન્નતા જાળવી શકે છે અને તે અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોમાં જગત જેને સુખ અને દુઃખના પ્રસંગો કહે છે તેવા પ્રસંગોમાં—આનંદમાં રહી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવિત્રતા એ આત્માનો સ્વભાવ છે. સત્ય, પ્રેમ, દયા, મૈત્રી, પરોપકાર એ આત્માના સ્વાભાવિક ગુણો છે. આત્મા પોતાની શકિત, જ્ઞાન અને પ્રેમ જગતમાં પ્રકાશ કરવા માંગે છે, પણ તે પ્રકટ કરવામાં કેટલીક અસ્વાભાવિક-વિભાવિક-વૃત્તિઓ નડે છે તે અજ્ઞાનતાના કારણભૂત મનાય છે. ખાસ કરીને મમતાના કારણે સ્થૂલ પીંડદેહ સાથે આપણને વધારે સંબંધ છે તેમ ભાસે છે, પણ તે ભાસ મિથ્યા છે; પણ જીવનો તમામ વ્યવહાર અનંતર સૃષ્ટિ સાથે છે વિચાર કરીએ તો બાહ્યાભ્યાન્તર સૃષ્ટિ સાથે આપણે ઘણો જ સંબંધ છે. હૃદય-મંદિરને વિષે જ્ઞાનદીપ ઝળહળે નહિ ત્યાં સુધી મમતારૂપી અંધકારનો નાશ સંભવે નહિં અને જ્યાં સુધી મમતા ત્રુટે નહી ત્યાં સુધી જ્ઞાન એટલે ભાન એમ કહી શકાય નહી; કારણ કે મમતા એટલે માયા અને માયા એટલે અવિદ્યા. હવે અવિદ્યાનો વાસ જે સ્થળે હોય ત્યાં જ્ઞાન કેમ સંભવે ? કેમકે વિષ અને અમૃત સાથે રહી શકે નહિં એકના અભાવે બીજાનો ભાસ થાય એટલે કાં તો અજ્ઞાનતા અને કાં તો જ્ઞાનપણાનો સંભવ હોઈ શકે.

આ જગતમાં આત્મજ્ઞાનથી મોટું કોઈ જ્ઞાન નથી. આના સુખની આગળ સંસારિક ક્ષણિક સુખો તુચ્છ છે. આત્મજ્ઞાન સિવાય તત્ત્વસંકેતનો ઉકેલ કરવો મુશ્કેલ છે.

વિવેક, વૈરાગ્યની ખામી હોય, ચિત્તની મલીનતા હોય, આત્માની અશુદ્ધતા હોય, કર્મમળનું પ્રાબલ્ય જામેલું હોય તો અવિદ્યાના આવરણથી મનુષ્ય દારૂણ દુઃખનો ભોક્તા થઇ પડે છે.

संसाररोगात् न परोऽस्ति दुःखम्, सम्यग्विचारम् परमौषधम् च.
तत्रोगदु.खस्य विनाशहेतोः, सत्शास्त्रतोयम् क्रियते विचारः (હૃદયપ્રદીપ)

હે ચેતન! સંસારના રોગ જેવું કોઇ બીજું દુઃખ નથી અને સમ્યગ્ જ્ઞાન, ચારિત્ર્ય અને દર્શન સિવાય અન્ય ઉત્તમ ઓષધ નથી. તે મહારોગ દૂર કરવાને સત્શાસ્ત્રના અભ્યાસ અને અધ્યવસાયની ખાસ જરૂર છે.

જીવોને પ્રથમ ધર્મને રસ્તે ચઢાવવાને જ્ઞાનની જરૂર છે.

अद्भिः गात्राणि शुध्यन्ति मनः सत्येन शुध्यति ॥

જેમ આપણા શરીરના તમામ અવયવો કોઇ મલીન પદાર્થથી ખરડાય ત્યારે પાણીદ્વારા શુદ્ધ કરીએ છીએ, તેમ માનસિક મેલને ધોવાને જ્ઞાનવારિ એ જ ઉત્તમ સાધન છે. તે સિવાય મનના સંદેહો, મનની મલીનતા તેમ માનસિક દારિદ્રયતા, મનના અનેક વિકારો શમે નહિ એ નિઃસંદેહ વાત છે. તેમ પણ આત્માની નિર્બલતાનો નાશ થાય નહિ ત્યાં સુધી આપણે આપણું જીવન ઉન્નત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી શકીએ નહિ; છતાં સંસારી જીવો આ અમૂલ્ય અમૃતનું પાન કરવાને દત્તચિત્ત થતાં નથી એ મહાન દુર્ભાગ્યનું સૂચન કરે છે.

જગતના બ્રહ્મજ્ઞાનીપુરૂષોએ જ્ઞાનનું પરિબલ મહાન કહેલ છે.

"Let Knowledge grow from more to more,
more of reverence in us dwell. Lord Tanyson

હે મનુષ્ય! ત્હારી જ્ઞાનપીપાસાને આગળ ધપાવ. જેમ જેમ તારૂં જ્ઞાન વૃદ્ધિંગત થતું જશે તેમ તેમ ત્હારામાં વિશેષે દેવત્વ અથવા દૈવત પ્રાપ્ત થશે અને જેના થકી તારૂં ઇષ્ટ સાધી લેવાને ભાગ્યશાળી બનીશ.

મનુષ્ય હરેક ઇન્દ્રિયોથી યુકત હોવા છતાં ચક્ષુવિહીન હોતાં પરાધીન અને નિરૂપયોગી છે તેમ આત્મજ્ઞાનરૂપ જ્ઞાનનેત્ર સિવાય મનુષ્ય ભવાટવીનું ભ્રમણ કરવાને અને યમરાજના દંડનો અસહ્ય પ્રહાર સહન કરવાને, માનુષિક જીવનની ખરાબી કરવાને દુર્ભાગ્યશાળી બનતો જાય છે.

अनुभूतिं विना मूढो वृथा ब्रह्मणि मोदते ।
प्रतिबिंबितशाखाग्रं फलास्वादेन मोदते ॥

જ્ઞાનાનુભૂતિ સિવાય આત્મારામ બનવાને-બ્રહ્મમાં લીન થવાને વૃથા પ્રયાસ છે, કારણ કે જેમ મનુષ્ય કાષ્ટના બનાવેલા ફલોને મુખમાં મૂકવાથી કોઇ જાતનો સ્વાદ અનુભવી શકતો નથી તેમ વૃક્ષછાયાની શાખાની અગ્રભાગમાં લટકતાં ફલનો આમોદ લઇ શકતો નથી, તદ્વદ્ જ્ઞાનાનુભતિ સિવાય બ્રહ્માનંદના સાગરનો મછ થવાના માનુષિક પ્રયાસ ફોગટ છે.

જેમ મનુષ્યને અંધેરીઓ બાંધ્યા પછી કાંઇ પણ દેખી શકાતું નથી તેમ અજ્ઞાનરૂપી અંધેરીવાળા જીવાત્માઓની દશા ઉન્નત થતી નથી. વળી જે જીવોને પૂર્વપાપના પ્રભાવથી સ્વયંજ્ઞાનની સ્ફુર્ણાઓ થતી નથી તો તેની શાસ્ત્રદ્વારા પણ ઉન્નતિ થઇ શકતી નથી, કારણ કે તેઓ અંધ ને અરીસા બરાબર છે.

सत्येन निर्मलतपसा एष आत्मा, सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् ।
अन्तःशरीरे ज्योतिर्मयो हि शुभ्रो, यं पश्यंति यतयः क्षीणदोषाः ॥

જેઓના કાયિક, વાચિક અને માનસિક દોષ ક્ષીણ થઇ ગયા છે એવા યતિઓ સત્ય, તપ, તત્ત્વજ્ઞાન અને બ્રહ્મચર્યના પ્રતાપે જ્યોતિરૂપ શુભ પરમાત્માનું નિત્ય હૃદયકમલમાં દર્શન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संसारसागरम् घोरम् तर्तुमिच्छति यो नरः ।
ज्ञाननावम् समाराध्य पारं याति सुखेन सः ॥

જે જીવાત્માઓ અઘોર સંસારસમુદ્રને તરવાને ઇચ્છતા હોય તેઓ જ્ઞાન-નૌકામાં બીરાજમાન થવાથી સંસારરૂપી સમુદ્રને સહેલાઇથી તરી જવાને ભાગ્યવાન થાય છે, અને આ સંસાર જે અજ્ઞાનીઓને દુસ્તર છે તે તેમની દૃષ્ટિએ સુતર છે તો મુમુક્ષુ જીવાત્માઓએ તો જ્ઞાનનાવ ઉપર આરૂઢ થવાની જરૂર છે.

विज्ञाननावम् परिगृह्य किञ्चित् तरेद् यद् ज्ञानमयम् भवाब्धिः ।
ज्ञानासिना योऽहि विच्छिद्य तृष्णाम् विष्णोःपरम् याति स एव धन्यः ॥

વિજ્ઞાનરૂપી હોડીને ગ્રહણ કરીને જગતરૂપી સમુદ્રને દરેક જીવાત્માઓએ તરી જવા યત્ન કરવો જોઇએ અને જે જીવાત્માઓ જ્ઞાનરૂપી તરવારથી પુત્રૈષણા, ધનૈષણા આદિ ઇચ્છાઓને છેદી નાખીને કૈવલ્યપદ પ્રાપ્ત કરવા મથે છે તેવા ભાગ્યવાન મહાન્ આત્માઓ નિર્વાણપદના અધિકારી થઇ શકે છે અને તેઓ જ જીવનની કૃતાર્થતા કરી શકે છે.

ઉપદેશથી મેળવેલા જ્ઞાનવડે, અનુભવથી મેળવેલા જ્ઞાનવડે જેનું મન તૃષ્ણા રહિત થયું છે, જેણે ઇન્દ્રિયો જીતી છે, પ્રાણીમાત્ર ઉપર સમાનતા રાખે છે પાષાણ અને સુવર્ણ ઉપર સમાનબુદ્ધિ છે તે પુરૂષ શ્રેષ્ઠ ગણાય છે; તેથી હરહંમેશ જ્ઞાન મેળવવા યત્ન કરવો જોઇએ અને જીવનને ઉન્નત કરવા જ્ઞાન યોગી બનો.

અખંડ સ્ફુરણરૂપ આત્મજ્ઞાન હરાઇ ગયું છે એવા દેહાદિને તથા ઇન્દ્રિયોને તૃપ્ત કરવામાં પ્રીતિવાળા પામર જીવોને અક્ષરધામ પ્રાપ્ત થતું નથી.

પૂર્વજન્મોમાં જેમણે અનેક પુણ્યનો સંચય કરેલો છે, એવો જ્ઞાની જીવ નિરંતર પ્રભુમાં ઇચ્છા રાખનારો જીજ્ઞાસુ તથા ધન, સ્ત્રી આદિ ભોગસાધનોને તુચ્છ, માનનારો આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે.

આત્માના પ્રભાવને મુમુક્ષુઓ અમાનિત્વાદિક સાધનવડે જાણી લઇ દુઃખરૂપી સંસારથી મુક્ત થઇ શકે છે. અસ્તુ.

( વીરકુમાર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મદ–માન–અભિમાન

પોતાને મળેલી ગમે તેવી કે તેટલી સંપત્તિથી, સૌ કરતાં પોતાનો ઉત્કર્ષ એટલે અધિકતાની દૃષ્ટિથી મદ ઉત્પન્ન થાય છે, તેમજ બીજાથી હીનતાભાવ પોતાનો અવલોકવાથી દીનતા પ્રાપ્ત થાય છે. આત્મપ્રશંસાથી થયેલ મદરૂપી પવનથી પ્રેરીત ક્ષોભ ઉત્પન્ન થતાં મનુષ્યના જ્ઞાનાદિ ધર્મો પરપોટાની જેમ નિષ્ફળ જાય છે–વિનાશ પામે છે. આત્મપ્રશંસા તો તે જ કરે છે કે જે ગુણોએ કરીને સંપૂર્ણ હોતાં નથી, કારણ કે સંપૂર્ણ ગુણોએ કરી બિરાજમાન મહાપુરૂષને આત્મપ્રશંસા કશા કામની હોતી નથી.

માન–મદ–અભિમાન એ પર્યાયવાચક નામો છે, તેનો અર્થ તો એક જ છે. કેટલાક સ્થળે તો હું બીજાથી વૈભવમાં કેવો ચડીયાતો છું એટલે પોતાનો ઉત્કર્ષ વિચારવો તે માન અને બીજા બધા મારા કરતાં કેવા ઉતરતા છે તેમ બીજાનો અપકર્ષનો વિચાર કરવો તે મદ છે.

શાસ્ત્રમાં માનને ગજરાજ કહેલ છે અને તેટલા ઉપરથી બાહુબલજી મહારાજને માન ઉત્પન્ન થયું અને કેવળજ્ઞાન અટક્યું, ત્યારે ભગવંત આદિનાથે બ્રાહ્મી તથા સુંદરીને તેમની પાસે મોકલ્યા, જ્યાં આવી તેઓ સતીશિરોમણી **“વીરા ગજથકી** હેઠા **ઉતરો** ” એ સંજ્ઞાથી માન મૂકી દેવા સૂચવ્યું. માન વિનયરૂપી વિશાળ બગીચાને મૂળમાંથી ઉખેડી નાખે છે, દુર્ગુણોરૂપી ધૂળના સમૂહ ઉડાડી ચોતરફ ફેલાવે છે. શાસ્ત્રમાં મદને પર્વતની ઉપમા આપી છે. તેને જાતિ, કુળ, બળ, રૂપ, તપ, ઐશ્વર્ય, વિદ્યા–જ્ઞાન અને લાભ તે શિખરો છે કે જે વિનય, સદાચાર વગેરેનો સંહાર કરનારા, અને મનુષ્યના વિવેકરૂપી નેત્રનો નાશ કરનારા આ પ્રકારો છે.

શાસ્ત્રમાં એક એક મદ દુર્ગતિ આપનાર એમ જણાવેલ છે. જેમકે જાતિમદ હરકેશીએ પૂર્વભવ કરવાથી ચંડાળ કુળમાં ઉત્પન્ન થયા, કુળમદ કરવાથી મરીચિને કોડાકોડી સાગરોપમ ભવમાં પરિભ્રમણ કરવું પડયું, અને છેલ્લે બ્રાહ્મણકુક્ષીમાં ઉત્પન્ન થવું પડયું, શ્રેણિક અને વસુભૂતિ વગેરે એ બળમદથી દુઃખ પામી નરક કષ્ટો ભોગવ્યા, રૂપનો ગર્વ કરવાથી સનત્કુમાર ચક્રીને રોમેરોમે રોગ ઉત્પન્ન થયો, કુરગડુ રૂષિએ તપનો મદ કર્યો જેથી તપનો અંતરાય પામ્યા, ઐશ્વર્યનો અભિમાન કરવાથી દશાર્ણભદ્ર ઇંદ્રની વિભૂતિ-વૈભવ જોઇ બુઝી સંસાર તજી જ્ઞાની થયો, વિદ્યાનો મદ કરવાથી સ્થૂલિભદ્ર શ્રુતપૂર્ણ અર્થ ન પામ્યા, લોભનો મદ સુભૂમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચક્રીએ કરવાથી ષટ્ખંડનો ધણી છતાં હાથી, ઘોડા, રથ સર્વ સમુદ્રમાં ગયું. આવા આવા મહાપુરૂષોને અભિમાને છોડ્યા નથી તો પામર મનુષ્યો કઇ વિસાતમાં!!! જેથી તન, ધન, યાવન, રાજ્ય, વગેરેનો અહંકાર ન કરવો, કારણ કે તે અસ્થિર અસત્ય અને ક્ષણમાં વિણસાઇ જાય તેવું છે.

ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ જાતિ, ઉચ્ચ નીચ કુળ, સંપત્તિ કે ગરીબાઈ, લાભ કે ગેરલાભ, બળવાનપણું કે નિર્બળપણું, સુરૂપ કે કુરૂપ, જ્ઞાની કે અજ્ઞાનીપણું, તપસ્વીપણું કે અતપસ્વીપણું એ બધી બાબતો શુભ કે અશુભ કર્મ ઉપર આધાર રાખે છે, તો નકામું અભિમાન કરી, પાપનો સંચય કરી, નરકની વેદના ભોગવવી પડે એમ જાણી દોષોરૂપી શાખાને વિસ્તારનારા, ગુણરૂપી મૂળને ઉખેડનાર એવા મદરૂપી વૃક્ષને મૃદુતારૂપી નદીના પ્રવાહવડે જડમૂળથી ઉખેડવો કે જેથી મનુષ્યને વિનયની પ્રાપ્તિ થતાં મોક્ષ સમીપ આવે.

જે જે મનુષ્યોએ આઠ પ્રકારમાંથી કોઇપણ મદ કર્યો છે તે તે બધા દુર્ગતિમાં ગયા છે અને જગતમાં પ્રાણીઓ અભિમાન કરવાથી છેવટે દુઃખી થયા દેખીયે છીએ. જગતમાં સૂર્ય, ચંદ્ર મોટા કહેવાય છે તેથી રાહુથી ગ્રસાય છે, તારા લઘુ કહેવાય છે તેને રાહુની ભિતિ નથી. કીડી જોજનગંધી કહેવાય છે, લઘુ ગણાય છે તે જ્યારે છ રસનો સ્વાદ સુગંધયુકત લઇ શકે છે ત્યારે હાથી મોટાઇ ધારણ કરેલ હોવાથી તે શુંઢવડે ધૂળ પોતાના શિર ઉપર ઉડાડે છે. બીજનો ચંદ્રમા લઘુ કહેવાતા છતાં સૌ જગ જોવા નીકળે છે ત્યારે પૂનમનો ચંદ્રમા મોટો કહેવાય છે ત્યારે તેની ક્ષીણ કળા થવા માંડે છે. મનુષ્યના શરીરમાં નાક, શ્રવણ (કાન) ગુરૂપણું ધારણ કરે છે ત્યારે તેનું છેદન કરવામાં આવે છે, પરંતુ પગ જયારે લઘુ કહેવાય છે ત્યારે તે પૂજન કરાવે છે. બાળક જ્યારે નાની ઉમરનો હોય છે ત્યારે રાજ્યના રાણીવાસમાં જાય છે ત્યારે સખીઓ મળી રમાડે છે અને તેજ બાળક જ્યારે મોટો થાય છે અને જો રાણીવાસમાં જાણ્યા વગર જાય છે તો શીશ કપાવે છે. આ બધુ લઘુતા નહિં ધારણ કરવાથી બને છે, માટે દરેક મનુષ્યે પૂર્વકાળે થયેલા પુરૂષપ્રધાન ધૈર્ય, ગાંભીર્યાદિ અનંત ગુણવાળા ગૌતમ, સુધર્મા આદિ મહાપુરૂષોના કરતાં પોતાનું અત્યંત લઘુપણું ભાવવું. સુકર્મ જનિત મળેલ વૈભવ, વિલાસ, સંપત્તિરૂપ વગેરેનું પણ અભિમાન ન કરતાં કર્મજનિત તે માની, મૃદુતા ધારણ કરી વિનય જે કે ધર્મનું મૂળ અને મોક્ષ મળવા માટે પ્રથમ ગુણ ગણાય છે તે પ્રાપ્ત કરવો.

**આત્મ વલ્લભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન–આચાર.

(ગતાંક પૃષ્ઠ ૯૮ થી શરૂ)

ગતાંકમાં ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવા કહેલ છે. શાસ્ત્રોમાં કહેલ છે કે જે પુરૂષ અન્યાયથી ગ્રહણ કરેલા દ્રવ્યે કરી પોતાના હિતને ઇચ્છે છે, તે પુરૂષ કાળકૂટ ઝેરના ભક્ષણથી જીવવાની ઇચ્છા રાખે છે. એટલે કે અન્યાય, ક્લેશ, અહંકાર અને પાપબુદ્ધિમાં જ પ્રવૃત્તિ થાય છે.

આ લેખમાં જ્યાં જ્યાં શ્રાવક શબ્દ આવેલ છે તો શ્રાવક કોને કહેવો તે સંક્ષેપમાં જણાવવું અસ્થાને નથી.

જે ઉપયોગપૂર્વક પરલોકમાં હિતકારી એવા જિનેશ્વર ભગવાનના વચનો સમ્યક્ પ્રકારે સાંભળે, અને અતિ તીવ્ર કષાયો (કર્મો) થી મૂકાયેલો હોય તે શ્રાવક-નામને અધિકારી છે. શ્રદ્ધાળુપણાને દઢ કરે, જિનેશ્વરભગવાનની આજ્ઞાને શ્રવણ કરે, ધારણ કરે, ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરી શુભ ક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય કરે, સમ્યક્ત્વને વરે–આદરે પાપોનો નાશ કરે અને મન, ઇંદ્રિયોને વશ કરે તેને મહાપુરૂષો શ્રાવક કહે છે.

## હવે દિવસના બીજા પહોરે કરવા યોગ્ય શ્રાવકની કરણી કહેવામાં આવે છે.

સુજ્ઞ શ્રાવકે બીજે પહોરે પોતાના મંદિરે જવું અને ત્યાં જીવજંતુ વગરની ભૂમિએ પૂર્વદિશા સન્મુખ બેસીને શરીરશુદ્ધિ માટે પ્રાસુક જળવડે અથવા તે ન હોય તો ગળેલા એવા સચિત્ત જળવડે સ્નાન કરવું. સ્નાન કરવા માટે નાળ સહિત એક શ્રેષ્ઠ બાજોઠ કરાવવો કે જેથી તે નળદ્વારા નીકળેલા જળમાં જંતુઓની વિરાધના ન થાય. તેમાં જળ પણ પરિમિત–માત્ર જોઇએ તેટલુંજ વાપરે.

રજસ્વલા સ્ત્રી કે કોઈ મલીન વસ્તુનો સ્પર્શ થયો હોય, સૂતક હોય અથવા સ્વજનોમાં મરણ નીપજ્યું હોય તેવા પ્રસંગે જ આખા શરીરે સ્નાન કરવું; સિવાય દેવપૂજન નિમિત્તે સ્હેજ ગરમ અને થોડા જળવડે મસ્તક વર્જીને બાકીના શરીરે સ્નાન કરવું. ચંદ્ર, સૂર્યના કિરણ સ્પર્શથી જગત પવિત્ર થાય છે તો તેનાં આધારે રહેલ શીરને યોગીપુરૂષો સદા પવિત્ર સમજે છે. ધર્મનિમિત્તે જે સર્વ સદાચાર સેવાય છે તે દયાપ્રધાન હોય છે, તેથી જ દરરોજ મસ્તકના ધોવાથી–શિર ઉપર પાણી નાંખવાથી તેમાં રહેલ જીવોને ઉપદ્રવ–બાધા થાય છે; માટે ઉપરોક્ત કારણો સિવાય મસ્તકને છોડીને દેવપૂજા માટે સ્નાન કરવું. વળી પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવામાં આવેલ છે કે નિરંતર વસ્ત્રવડે મસ્તક ઢંકાયેલ હોવાથી મસ્તક પવિત્ર છે, તેમજ નિર્મળ જ્યોતિવાળા આત્માની પણ ત્યાં વિશેષ સ્થિતિ હોવાથી તેમાં અપવિત્રતા ન હોય.

સ્નાન માટે પેહેરેલ ધોતીયું તજી, બીજું વસ્ત્ર પહેરી, જ્યાંસુધી પગ ભીના હોય ત્યાં સુધી જિન ભગવંતનું સ્મરણ કરતાં ત્યાંજ ઉભા રહેવું, નહિં તો મળ-સ્પર્શ થતાં પુનઃ પગ અપવિત્ર થાય એટલું જ નહિં પણ તે મળમાં રહેલાં જીવોનો ઘાત થતાં મોટું પાપ લાગે. ત્યારબાદ ચૈત્ય આગળ જઇ, ભૂમિની શુદ્ધિ કર્યા બાદ નિર્મળ, બને ત્યાં સુધી શ્વેત, સાંધ્યા વગરના સારાં પૂજાના વસ્ત્ર પહેરીને મુખકોશ આઠવડો (મુખ અને નાકના શ્વાસને રોકવા માટે) બાંધવો. ભગવંતના પૂજન વખતે મન, વચન, કાયા, વસ્ત્ર, ભૂમિ, પૂજા ઉપકરણો અને વિશુદ્ધતા એમ સાત પ્રકારે શુદ્ધિ સાચવવી. પછી સુંદર અને સ્વચ્છ કળશમાં લાવેલ જળથી ભગવંતના અંગે અભિષેક કરીને સારા કોમળ વસ્ત્રથી અંગલુહણા કરીને અષ્ટ પ્રકારે નીચે પ્રમાણે પૂજા અષ્ટક બોલતાં અષ્ટપ્રકારી પૂજા કરવી.

(૧) सच्चंदनेन घनसारविमिश्रितेन, कस्तूरिकाद्रवयुतेन मनोहरेण ।
रागादिदोषरहितं महितं सुरेंद्रैः, श्रीमज्जिनं त्रिजगतीपतिमर्चयामि ॥

(चंदनपूजा)

**ચંદનપૂજા**—ઘનસાર ભેળવેલા અને કેશર, કસ્તૂરીના રસયુક્ત મનોહર ચંદનથી, રાગાદિ દોષ રહિત અને દેવેન્દ્રોથી પૂજિત એવા ત્રિજગત્પતિ જિનેશ્વર ભગવાનની હું પૂજા કરૂં છું.

(૨) जातीजपाबकुलचंपकपाटलाद्यै–मँदारकुंदशतपत्रशुभारविंदैः ।
संसारनाशकरणं करुणाप्रधानं, पुष्पैः परैरपि जिनेंद्रमहं यजामि ॥

( पुष्पपूजा )

**પુષ્પપૂજાઃ**—જાઇ, જુઇ, બકુલ, ચંપક, પાટલાદિ પુષ્પોવડે તેમજ કલ્પવૃક્ષ, કુંદ, શતપત્ર, કમળો, ગુલાબ, ગુલદાઉદી તેમજ બીજા ઉત્તમ અને સુંદર પુષ્પોથી, સંસારનાશના કારણરૂપ અને કરુણાપ્રધાનશ્રી જિનેંદ્રદેવની હું અર્ચા કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(३) कृष्णागुरुप्रचरितं सितया समेतं, कर्पूरपूरसहितं विहितं सुयत्नात् ।
धूपं जिनेंद्रपुरतो गुरतोषतोऽहं, भक्त्योत्क्षिपामि निजदुष्कृतनाशनाय ॥

( धूपपूजा )

**ધૂપપૂજા**—કૃષ્ણાગુરૂ, શર્કરા અને પુષ્કળ કર્પૂર સહિત, યત્નપૂર્વક તૈયાર કરેલ એવા ધૂપને મારા પોતાના દુષ્કૃતનો નાશ કરવા ભગવંતની આગળ હું મ્હોટા આનંદ અને ભક્તિપૂર્વક ધૂપ પુજા કરૂં છું.

(४) ज्ञानं च दर्शनमथो चरणं विचिंत्य, पुंजत्रयं च पुरतः प्रविधाय भक्त्या ।
चोक्षाक्षतैश्चकरणैरपरैरपीह, श्रीमंतमादिपुरुषं जिनमर्चयामि ॥

( अक्षतपूजा )

**અક્ષતપૂજા**—જ્ઞાન, દર્શન અને ચારિત્રનું ચિંતવન કરતાં ઉજ્વલ અક્ષત તંદુલવડે ભકિતથી ભગવંતની સમક્ષ ત્રણ પુંજ કરીને તેમજ અન્ય સાધનવડે હું શ્રી જિનેંદ્રભગવાનને પુજું છું.

(५) सन्नालिकेरपनसामलबीजपूर--जंबीरपूगसहकारमुखैः फलैस्तैः ।
स्वर्गाद्यनल्पफलदं प्रमदप्रमोदा—द्देवाधिदेवमसमप्रशमं महामि ॥

( फलपूजा )

**ફળપૂજા**--નાળીયેર, પનસ, આમળા, બીજોરા, જંબીર, સોપારી, આમ્રફળ વિગેરે ઉત્તમ ફળોવડે અસાધારણ શાંતિવાળા અને સ્વર્ગાદિ અગણિત ફળ આપનારા એવા દેવાધિદેવની પરમ આનંદપૂર્વક હું પૂજા કરૂં છું.

(६) सन्मोदकैर्वटकमंडकशालिदालि—मुख्यैरसंख्यरसशालिभिरन्नभोज्यैः ।
क्षुत्तृड्व्यथाविरहितं स्वहितायनित्यं, तीर्थाधिराजमहमादरतो यजामि ॥

( नैवेद्यपूजा )

**નૈવેદ્યપૂજા**--શ્રેષ્ઠ મોદક, વડાં, માલપૂવા, ભાતદાળ પ્રમુખ અનેક અસાધારણ રસયુકત એવા ભોજનવડે ક્ષુધા, તૃષાની બાધારહિત એવા તીર્થાધિરાજને હું સદા આદરભાવથી આત્મકલ્યાણ માટે પૂજું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭) विध्वस्तपापपटलस्य सदोदितस्य, विश्वावलोकनकलाकलितस्य भक्त्या ।
उद्योतयामि पुरतो जिननायकस्य, दीपंतमःप्रशमनाय शमाम्बुराशेः ॥

( दीपपूजा )

**દીપપૂજા**—પાપપડલનો જેમણે નાશ કર્યો છે, આખા વિશ્વને અવલોકવાની જ્ઞાનકળાવાળા–કેવળજ્ઞાન યુક્ત સદા ઉદયમાન તથા પ્રશમના સમુદ્ર એવા શ્રી જિનનાયકની આગળ મારા અજ્ઞાનરૂપી તિમિરનો નાશ કરવા માટે ભક્તિથી દીપકપૂજા કરૂં છું.

(૮) तीर्थोदकैर्धुतमलैरमलस्वभावं, शश्वन्नदीनदसरोवरसागरोत्थैः ।
दुर्वारमारमदमोहमहाहिताक्ष्यं, संसारतापशमनायजिनं यजामि ॥

( जलपूजा )

**જળપૂજા**—ગંગાદિક શાશ્વતી નદી, નદ, દ્રહો, સરોવર અને સમુદ્ર વગેરેના નિર્મળ તીર્થજળથી, નિરંતર નિર્મળ સ્વભાવવાળા, તથા દુર્વાર કામ, મદ, મોહરૂપ મહા સર્પોનો નાશકરવામાં ગરૂડ સમાન એવા શ્રી અરિહંત દેવની હું સંસાર તાપને શમાવવા માટે પૂજા કરૂ છું. પૂજાના અનુક્રમ માટે જુદા જુદા મતો છે.

**ઉપરોક્ત**—અસાધારણ પૂજા અષ્ટકની આ પ્રમાણે સ્તુતિ બોલતાં જે ભવ્યાત્મા આરીતે સુંદર વિધિથી પરમાત્માની પૂજા કરે છે, તે ભાગ્યશાળી દેવ–મનુષ્યના અખંડિત સુખો અનુભવી થોડા કાળમાં મોક્ષ સુખને પણ પામે છે.

હવે ઘર દેરાસર અથવા ભક્તિ ચૈત્યનું સ્થાન અને તેમાં પૂજા વિધિ દર્શાવે છે.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાત્મા સિદ્ધર્ષિપ્રણીત શ્રી ઉપમિતિ-ભવપ્રપંચાકથાનું સપદ્ય–ગદ્ય ભાષાંતર.

( ગતાંક ૮૯ થી શરૂ )

ભાષાંતરકર્તા—' મનોનંદન '.

## प्रथम प्रस्ताव–पीठबंध

### * દૃષ્ટાંતરૂપ કથાનક.

(૧)

### +અદૃષ્ટમૂલપર્યંત નગર.

દોહરા.

[1]સનાતન અહીં લોકમાં, અનંત જન ભરપૂર;
'અદૃષ્ટમૂલપર્યંત' એ, નામે કો મહાપુર. ૧૧૨

અને તે કેવું છે?—

હરિગીત.

ગગનચુંબક ચિત્તચોરક પંક્તિ જ્યાં પ્રાસાદની,
આદિ અંત મળે ન જ્યાં, જ્યાં રમ્ય હાર બજારની;
અપાર બહુ વિસ્તારવાળા વિવિધ [2]પણ્યો પૂર્ણ જે,
વળી પણ્યકેરા મૂલ્યરૂપી રત્નકોટિ પ્રપૂર્ણ જે. ૧૧૩–૧૪

---

* આ દૃષ્ટાંત કથાનક અદ્ભૂત પરમાર્થ રહસ્યથી ભરપૂર છે, એનો પ્રત્યેક શબ્દ ઉપનયગર્ભિત છે, અને એ ઉપનય–પરમાર્થ ગ્રંથકારે ગદ્યવિભાગમાં અત્યંત વિસ્તારથી વર્ણવી પરિસ્ફૂટ કર્યો છે. એ રહસ્ય સમજાવતાં, આ કાવ્યની ઉપયોગિતા અને ઉપકારિતા સવિશેષપણે પ્રતીત થશે. આ સર્વ રસાત્મક વર્ણન ઉપરથી શ્રીમાન્ સિદ્ધર્ષિની મહાપ્રજ્ઞા ઉપરાંત ઉપમાની અનુપમતા, અર્થની ગંભીરતા અને પદની લલિતતા-આ ત્રણે ગુણો પ્રત્યક્ષ થાય છે; તેમજ તેઓશ્રીને વીતરાગદર્શનનો કેટલો અંતરંગ રંગ લાગ્યો હતો તે પણ સ્પષ્ટ જણાઇ આવે છે. આ દૃષ્ટાંત અને તેનું રહસ્ય બહુ બહુ મનન કરવા યોગ્ય છે. વિષયની સરળતા અર્થે અત્રે (૧) (૨) –આદિ અંક મૂકેલ છે, અને તે જ અનુક્રમે ઉપનય વિભાગમાં પણ અંક મૂકવામાં આવશે.

\+ જેનું મૂલ ( Origin, Beginning ) કે અંત દેખાતો નથી તે અદૃષ્ટમૂલપર્યંત, અનાદિઅનંત. ( Eternal )

૧. સદા સ્થાયી, શાશ્વત ( Everlasting ). ૨. કરિઆણાં. ક્રય–વિક્રયની વસ્તુઓ. ( commodities ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં [3]ચિત્રવિચિત્ર [4]ચિત્રચિત્રિત દેવમંદિર શોભતા,
આકર્ષતા અતિ બાલહૃદયો નયન નિશ્ચલ થોભતા;
વાચાલ બાલ[5]કલાપકેરા કલકલે આકુલ જે,
[6]અલંઘ્ય ઉંચા કોટકેરા વલયથી વિંટેલ જે. ૧૧૫-૧૬
જે તાગવર્જિત [7]ગભીર [8]વેદિકાજલે [9]દુર્ગમ ઠરે,
જે [10]લોલ કલ્લોલે લસંતા [11]સરવડે વિસ્મય કરે;
ત્રાસહેતુક શત્રુને, વળી કોટ સમીપે વરતતા,
બહુ ઘોર એવા અંધ કૂપો જ્યાં બધેથી રક્ષતા. ૧૧૭-૧૧૮
ભમંતા ભ્રમરોતણા ઝંકાર સંગીત ગાજતા,
એવાવિવિધફુલફલ ભર્યાં જ્યાં [12]અમરકાનન રાજતા;
અનેક આશ્ચર્યોભર્યું જે ચમતકાર અતિ કરે,
અદષ્ટમૂલપર્યંત આવું તે મહાપુર છે અરે! ૧૧૯-૧૨૦

(૨)

## *ત્યાં 'નિષ્પુણ્યક' રંક.

ચોપાઇ.

રંકશિરોમણિ—

'નિષ્પુણ્યક' નામે કો રંક, મોટું ઉદર[13] જેહ ધરંત;
દુર્બુદ્ધિ તે બાંધવહીન, [14]અર્થતણા પુરુષાર્થવિહીન. ૧૨૧
[15]ક્ષુધાથી જસ દુર્બલ દેહ, ગૃહે ગૃહે ભિક્ષાર્થે તેહ;
કરમાંહી ગૃહીને ઘટપાત્ર,[16] નિન્દાતો ભમતો દિનરાત્ર. ૧૨૨
પડખાં ભૂમિશયનથી ક્ષીણ[17], વળી અનાથ દીસે તે દીન;
ધૂલિવડે ખરડ્યા સૌ ગાત્ર, ધરી ચિંથરાજાળ જ માત્ર. ૧૨૩
[1]યષ્ટિ [2]મુષ્ટિ ને [3]લોષ્ટ પ્રહાર, મારે ક્ષણ ક્ષણ વારંવાર;
[4]દુર્દાન્ત બાલકના વૃંદ, [5]જર્જર જેથી તેના અંગ. ૧૨૪

---

૩. જાતજાતના. ૪. ચિત્રોથી ચિત્રેલા. ૫. સમૂહ. ૬. ઓળંગી ન શકાય એવો. જે નગરને ચોપાસ ફરતો નહિં ઉલ્લંઘી શકાય એવો ઉંચો કિલ્લો છે.

૭. ઉંડા. ૮. મોટી ખાઇ. ૯. જવું મુશ્કેલ. અતિ ઉંડી ખાઇને લઇ જ્યાં જવું મુશ્કેલ છે. ૧૦. ચંચળ. ૧૧. સરોવરો. ૧૨. દૈવી ઉદ્યાનો-બાગબગીચાઓ. ૧૩. પેટ. ૧૪. ધન. કમાવાના પુરૂષાર્થથી તે રહિત હતો. ૧૫. ભૂખ. ૧૬. ઠીબડું, શંકોરૂં, ઘટપાત્ર અત્યંત દરિદ્રતા સૂચવે છે. ૧૭. ઘસાઇ ગયેલા.

* અત્રે નિકૃષ્ટમાં નિકૃષ્ટ, તુચ્છમાં તુચ્છ, રંકમાં રંક એવા નિષ્પુણ્યક (પુણ્ય-રહિત) રંકનું તાદશ્ય શબ્દચિત્ર રજુ કર્યું છે, જેનો પરમાર્થ બહુ બહુ બોધદાયક છે.

૧ લાકડી. ૨. મુઠ્ઠી. ૩ ઢેફાં. ૪. દાબવા મુશ્કેલ તે દુર્દાન્ત, મસ્તાન, દમવા મુશ્કેલ, તોફાની, ઉછાંછળા. ૫. ખખડી ગયેલ-જીર્ણ થયેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૬]સર્વાંગીં મહાઘાત ઉતાપ, તિહાં [૭]અનુગતચેતન આપ;
'વોય માડી! રે! કરજો [૮]ત્રાણ'! પોકારે એવી દીન વાણ. ૧૨૫
જ્વર [૯]કુષ્ટ ઉન્માદ સંયુક્ત, શૂલપીડિત તે [૧૦]પામાયુક્ત;
સર્વ રોગનો તેહ નિવાસ, વેદનવેગે વિહ્વલ ખાસ. ૧૨૬
કરે ઉપદ્રવ ક્ષુધા પિપાસ,[૧૧] શીત–ઉષ્ણ મચ્છર ને ડાંસ;
રંક વેદના સહતો એમ, મહા ઘોર નારકની જેમ. ૧૨૭
સંતોને કરુણાનું સ્થાન, માનીને તે હાસ્ય નિદાન;
બાલોને [૧૨]ક્રીડન આવાસ, ઉદાહરણ પાપીને ખાસ. ૧૨૮
રંકો વળી બહુ જ બીજાય, વર્ત્તે તેહ મહાપુરમાંય;
કિંતુ તાદૃશ પ્રાયે નો'ય, નિર્ભાગીનો શિરોમણિ કોય. ૧૨૯
'પામીશ ભિક્ષા તે તે ગેહ,' ઇત્યાદિક ચિંતવતો તેહ;
વિકલ્પાકુલ મનમાં થાય, રૌદ્રધ્યાન ભરંતો જાય. ૧૩૦
કદી ન કાંઇ કરે તે પ્રાપ્ત, માત્ર જ પામે છે પરિતાપ;
[૧૩]કદન્નલવ કેવલ મળતાંય, રાજ્ય મળ્યા જ્યમ તુષ્ટ જ થાય!! ૧૩૧
દીએ [૧૪]અવજ્ઞાથી જન જેહ, કદન્નલવ ભોગવતાં તેહ;
'આ લઇ લેશે' એમ સશંક, ઇંદ્રથીય ડરતો તે રંક!!! ૧૩૨
તેથીંય તૃપ્તિ ન તેને થાય, પણ બુભુક્ષા[૧૫] વધતી જાય;
કદન્ન જરતાં પીડે રંક, [૧૬]વાતવિસૂચિકા જ કરંત. ૧૩૩
સર્વ રોગનું વળી નિદાન,[૧૭] કદન્ન તેહ કહેલ પ્રમાણ;
પૂર્વ રોગની તેહ અસાર, પરમ અભિવૃદ્ધિ કરનાર. ૧૩૪
તેને સુંદર માને રંક, બીજું ન જાણે તેહ વરાક;[૧૮]
[૧૯]સુસ્વાદુ ભોજનનો સ્વાદ, સ્વપ્ને પણ એને ના પ્રાપ્ત. ૧૩૫

**અનંત પરિભ્રમણ—**

નાનાવિધ ગલીઓમાં એમ, ઉંચા–નીચા ગૃહમાંયે તેમ;
તેહ ભમ્યો પુર તેહ અપાર, અશ્રાંત ચિત્તે બહુવાર. ૧૩૬
મહાપાપથી તેહ હણેલ, એમ ભમંતાં દુઃખગ્રસેલ;
કેટલોક વીત્યો રે! કાળ? મળે નહિં તેની કંઈ ભાળ. ૧૩૭

---

૬. સર્વ અંગે થતી. ૭. ત્યાં જ જેનો જીવ ચોંટી રહ્યો છે. કદન્નની મૂર્ચ્છા એવો. ૮. રક્ષણ. ૯. કોઢ. ૧૦. ખસ, ખુજલી. ૧૧. તરસ. ૧૨ રમતનું સ્થાન.
૧૩ કુત્સિત્ત–દુષ્ટ–ખરાબ ભોજન. એઠું–જુઠું ખરાબ અન્ન.
૧૪ તિરસ્કારથી. ૧૫. ખાવાની ઇચ્છા તે બુભુક્ષા–ભૂખ.
૧૬ વાયુ અને ઝાડા ( Elatulence & Diarrhool ).
૧૭ કારણ. ૧૮ બિચારો,–બાપડો. ૧૯ સુંદર સ્વાદવાળા, સ્વાદિષ્ટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર–સમાલોચના.

**જૈન જ્યોતિ:**—શિક્ષણાંક તંત્રી **ધીરજલાલ ટોકરશી શાહ.** સહતંત્રી નાગકુમાર મકાતી. શિક્ષણની નવજ્યોતરૂપ શિક્ષણ વિષય સચિત્ર અંક કે જેમાંથી ભૂત–વર્તમાનનો ઇતિહાસ, શિક્ષણ માટે નવી–જુની પદ્ધતિ અને દિશાઓ અને કયું શિક્ષણ કેવું હોવું જોઇએ અને આપવું એ સર્વ વસ્તુઓ આ અંકમાંથી મેળવી શકાય છે. આર્થિક સંકડામણ જ્યાં દિવસાનુદિવસ વ્યાપારાદિમાં વધતી જાય છે તેવા સમયમાં આવા ખરચાળ પ્રકાશનો પ્રકટ કરવા તે એક જેમ સાહસ છે, તેમજ આ માસિક હજી જાણવા પ્રમાણે જોઇએ તેટલું પગભર પણ નથી થયું તેવા સંયોગમાં તેના સંચાલકોએ કેટલો પ્રયત્ન અને ખર્ચ કરી આ પ્રયત્ન ઉઠાવી જૈન સમાજની સેવામાં મૂકયો છે તે જોતાં, લેખો વાંચતા, સંકલના જોતાં તે આવકારદાયક અંક લેખાવો જ જોઇએ. જૈન સમાજે આવા શુભ પ્રયત્નની કદર કરી તેના ઉત્સાહને વૃદ્ધિ કરવો તે આવશ્યક છે. આ અંકમાં આવેલ શિક્ષણ સંબંધી લેખો વાંચી–વિચારી જેટલું જેટલું બંધ બેસતું હોય તેટલું અમલમાં મૂકે તે જ હેતુ આવા અંકો પ્રકટ કરવાનો હોઇ શકે. આ અંકના તંત્રીઓના આ શુભ પ્રયત્ન માટે અમો ધન્યવાદ આપીએ છીએ, અને ભવિષ્યમાં તેમની અભિલાષા પૂર્ણ થાય તેમ ઇચ્છીએ છીએ. આ અંક મનન કરવા લાયક છે. તે લેવા ભલામણ કરીએ છીએ. કિંમત બે રૂપીયા. ઠેકાણું અમદાવાદ, હવેલીની પોળ રાયપુર, તંત્રીને ત્યાં.

## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણા–સં. ૧૯૮૮ ની સાલનો રીપોર્ટ તથા હિસાબ.

દોઢસો વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી, પોષણ કરતી, આરોગ્ય સાચવતી અને ભવિષ્યમાં શહેરી બનાવવાની ઉદ્દેશવાળી આ સંસ્થા આજે બાળવયમાંથી યૌવનવયમાં પ્રવેશ કરે છે, તેમ તેનો પંદરમા વર્ષનો રીપોર્ટ અવલોકતાં જણાય છે. શારીરિક, માનસિક અને ધાર્મિક એક સાથે શિક્ષણ આપતી આટલી સંખ્યા બાળકોની ધરાવતી, જાણવા પ્રમાણે આ જીલ્લામાં ઇલાકામાં આ એક જ મુખ્ય સંસ્થા છે. ભવિષ્યમાં સ્વતંત્ર શિક્ષણ ઉદ્યોગહુન્નર સાથે આપવાના ઉદ્દેશથી ઇંગ્રેજી ચોથા ધોરણ સુધીની સ્કૂલ વિદ્યાલય ( સાથે સ્વતંત્ર રીતે ધાર્મિક શિક્ષણ આપી શકાય તે માટે ) નો જન્મ આપેલ છે. તેના કાર્યવાહકોએ તેની બાળવયમાં, તેમની ખંત, ઉત્સાહ અને પ્રમાણિક સેવાને લઇને ઘણી જ પ્રગતિ ( સામાન્ય રીતે થવી જોઇએ તે કરતાં વધારે ) કરી છે તેમ રીપોર્ટ વાંચતા જણાય છે. ઉદ્દેશને પહોંચી વળવા તેમજ તેના કાર્યવાહકોના મનોરથો ભવિષ્યમાં સફળ થવા અનેક પ્રયત્નો છતાં આર્થિક સ્થિતિની સંકોચતા અને જૈન સમાજની પુરેપુરી અમીદૃષ્ટિનાઅભાવે બહુ જ ધીમી રીતે પ્રગતિ કર્યે જાય છે. આટલા વખતની સંતોષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારક કાર્યવાહી જોતાં જૈનસમાજ તે સંસ્થાની માગણીઓ પુરી પાડે તો થોડા વખતમાં પણ વિશેષ પ્રગતિમાન આ સંસ્થા થઇ શકે તેવું છે. છદ્મસ્થ મનુષ્યો-કાર્યવાહકો હોવાથી કોઈ સ્થળે સ્ખલના હોય પણ ખરી, છતાં એકંદરે તટસ્થવૃત્તિથી કાર્યવાહી જોનારને થયેલ પ્રગતિ સંતોષકારક અને ઘણી આગળ ગયેલી જણાય. પંદર વર્ષોના કાર્યવાહકોનો સતત પ્રયાસ સામે વગરજોયે-જાણે કે પ્રકૃતિ અનુસાર અનેક વખતે આ સંસ્થા માટે કોઇ તરફથી અયોગ્ય બોલાયેલ લખાયેલ હશે પરંતુ તેની સામે કોઇ પણ સ્થળે ભૂલ હોય તો સુધારી લેવા, તેવાઓનો ઉપકાર માનવાની દૃષ્ટિ રાખી આ સંસ્થાના કાર્યવાહકો જે શ્રમપૂર્વક સેવા કરી રહ્યા છે તેના ફળરૂપે જ આ સંસ્થા ઉન્નતિને પંથે આટલે સુધી ગયેલ છે, તેમ તેના રીપોર્ટો સાક્ષી પૂરે છે અને કાર્યવાહકો તે માટે ખરેખર ધન્યવાદને પાત્ર છે. રીપોર્ટની સંકલના યોગ્ય છે તેટલું જ નહિં પરંતુ આવક-જાવક અને ખર્ચ-હિસાબ તેમજ દરેક કાર્યવાહી માટેની સ્ફુટ હકીકત ચોખવટવાળી અને તેવી સંસ્થાઓને અનુકરણીય છે. આ વર્ષથી અખંડ આયંબિલતપની યોજનાની થયેલ વૃદ્ધિ આ સંસ્થાનું ભાવી ઉજ્વળ, કુશલ, દીર્ઘાયુ સૂચવે છે. વ્યાયામ, ઉદ્યોગશાળા, સંવાદસભાઓ વગેરે પણ સંસ્થાના ઉપયોગી કાર્યો છે. સ્થાયીફંડ માટેની તેમજ રીપોર્ટના પાના ૧૦૨ મેં તાત્કાલિક જરૂરીયાતો જે જણાવી તેને જૈન સમાજે ધ્યાનમાં જલદીથી તે પુરી પાડવાની જરૂર છે. સમય-કાળ આવી અનેક સંસ્થાઓની જરૂરીયાત માગે છે, આવી પ્રગતિમાન ઉન્નતશીલ આ ગુરૂકુલની વિશેષ પ્રગતિ ન અટકી પડે તે માટે જલદીથી માંગણીઓ પૂરી પાડવા સામે જૈન સમાજને નમ્ર સૂચના કરીએ છીએ.

**શેઠ ધર્મચંદ ઉદેચંદ જૈન એજ્યુકેશન ફંડ:**—સં. ૧૯૨૬ થી સં. ૧૯૩૧ સુધીનો હિસાબ તથા રીપોર્ટ. પ્રસિદ્ધકર્તા ગુલાબચંદ ધર્મચંદ ઝવેરી. મેનેજીંગ ટ્રસ્ટી. શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ આગળ ચલાવતાં અટકી પડતાં હોય તેને લાયકાત પ્રમાણે લોનરૂપી આર્થિક સહાય કરવા માટેનો ઉદ્દેશ છે, જેથી તે પ્રમાણે રીપોર્ટવાળા વર્ષ દરમ્યાન ૨૩) વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. તેમાંથી કેટલાક વિદ્યાર્થીઓ ઇંગ્લાંડ, જર્મની, અમેરિકા જઇ ઉચ્ચપદ પ્રાપ્ત કરી સારી નામના મેળવવા પામ્યા છે. ઉચ્ચ કેળવણી લેવા માટે આ ફંડના ટ્રસ્ટીઓ તેનો સારો ઉપયોગ કરે છે તેમ આ રીપોર્ટ વાંચવાથી જણાય છે. આવા ફંડો દરેક મોટા શહેરોમાં કરી ઉચ્ચ કેળવણી જૈન બાળકોને આપવા માટે કરવા જરૂર છે. આ ફંડનો વહીવટ હિસાબ ચોખવટવાળો છે-અનુકરણીય છે.

**ધી જૈન સેનેટરી એસોસીએશન:**—આરોગ્ય પત્રિકા નં. ૪. પ્રકટકર્ત્તા જૈન સેનેટરી એસોસીએશનની આરોગ્ય પ્રચારક કમીટી મુંબઇ. આ પત્રિકામાં વિદ્વાન ડૉકટરોએ તૈયાર કરેલા ચોપાન્યાના ટુંક સારરૂપે, બાળસપ્તાહ, આરોગ્ય સપ્તાહ, જાહેર તંદુરસ્તી માટે નાગરિકોની ફરજો, રાજ્ય અને જાહેર આરોગ્ય, જન્મ-મરણનું નોંધપત્રક, ખોરાક સંબંધી જ્ઞાન, તંદુરસ્તી સાચવવાના નિયમો વગેરે વિષયો સંક્ષિપ્તમાં આપેલ છે જે પ્રજામાં પ્રચાર કરવા જેવા છે. આ સંસ્થાના સંચાલકોનો આવો પ્રયત્ન આશીર્વાદસમાન છે. પ્રજાની આરોગ્યતા માટે દરેક શહેરમાં આવી સંસ્થાઓની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## માગશર માસમાં શ્રી ભાવનગરમાં પ્રતિષ્ઠા અને પદવીના થયેલા મહોત્સવો.

ભાવનગરમાં આચાર્ય મહારાજ શ્રી **વિજયનેમિસૂરિના** સપરિવાર ચાતુર્માસની પ્રાંતે પૂ૦ **પ્રવર્તકજી લાવણ્યવિજયજી** મહારાજને માગશર શુદિ ૮ શનિવારે **શ્રી ભગવતીજીની** અનુજ્ઞાપૂર્વક ગણિપદપ્રદાન :તથા માગશર શુદિ ૧૦ રવિવારે મંત્રોચ્ચારપૂર્વક **પંન્યાસ પદવીપ્રદાન** દાદાસાહેબમાં શ્રી ચતુર્વિધ સંઘના ભવ્ય મેળાવડા સમક્ષ ઉભા કરેલા સમીઆનામાં આચાર્ય શ્રીમાન્ **વિજયનેમિસૂરીશ્વરજી** તરફથી કરવામાં આવ્યું હતું. આ પદવીઓને અંગે અઠ્ઠાઇ મહોત્સવ, પ્રભાવના તથા સ્વામીવાત્સલ્ય સદ્દગત દામોદર **નેમચંદ**ના શ્રેયાર્થે તેમના બંધુપુત્ર મણિલાલ, રતીલાલ અને મોહનલાલ પોપટલાલ તરફથી કરવામાં આવ્યા હતા. તેને અંગે મેરૂપર્વતની રચના **વોરા પરમાણંદ તારાચંદ** તરફથી કરવામાં આવી હતી.

માગશર શુદિ ૯ શનિવારે સવારે શ્રી **પાર્શ્વનાથજી**ના સમરાવેલા મંદિરમાં અને કરચલીઆ પરામાં તૈયાર થયેલા નવા દેરાસરજીમાં શ્રી **પાર્શ્વનાથજી** મહારાજ વિગેરે ત્રણ બિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. પરામાં સમવસરણની રચના કરવામાં આવી હતી. તે દિવસે સાંજે તપાલોંકા સંઘનું સ્વામીવાત્સલ્ય ૧૬ સદ્દગૃહસ્થો તરફથી કરવામાં આવ્યું હતું.

સમરાવેલા શ્રી **પાર્શ્વનાથજીના** મંદિરમાં પ્રતિષ્ઠાને દિવસે અષ્ટોત્તરી સ્નાત્ર **વોરા પરમાણંદ તારાચંદ** તરફથી ભણાવવામાં આવ્યું હતું અને કરચલીઆ પરામાં શુદ ૧૩ના અષ્ટોત્તરી સ્નાત્ર **શા નથુભાઇ દેવચંદ** તરફથી ભણાવવામાં આવ્યું હતું. અષ્ટોત્તરી સ્નાત્ર વિગેરેની વિધિ કરાવવા અમદાવાદથી ચાર ગૃહસ્થો આવ્યા હતા.

શુ. ૧૧ મુનિરાજ **શિવાનંદવિજયજી**ના વડીદીક્ષા પ્રસંગે શેઠ **હરજીવન દીપચંદ** તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી.

આ રીતે આચાર્ય શ્રી **વિજયનેમિસૂરીશ્વરજીની** છાયા નીચે પ્રતિષ્ઠાના, પદવી પ્રદાનના અને સ્વામીવાત્સલ્યના ઉત્સવો નિર્વિઘ્ને પૂર્ણ થયાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી ગોડીજી પાર્શ્વનાથ મંદિરમાં પાવાપુરી જૈન તીર્થરચના અને અઠ્ઠાઈ મહોત્સવ.

શ્રીયુત હરિચંદ મીઠાભાઈના સ્વર્ગવાસ થતાં તેમની પાછળ ધાર્મિક કાર્યો અઠ્ઠાઇ મહોત્સવ, શ્રી પાવાપુરીની મનોહર રચના માગશર વદ ૧ થી શરૂ થયેલ છે. માગશર વદિ ૭ ના રોજ સ્વામીવાત્સલ્ય થવાનું છે. તેઓ શ્રી પૂરા ધર્મશ્રદ્ધાવાન અને નિર્મળ હૃદયના હતા જેથી તેમની અંતીમ ઇચ્છા મુજબ ઉપરોકત માંગલિક કાર્યો શરૂ હોવા સાથે બીજા પણ કાર્યો તેમના સુબંધુ ઠાકરશીભાઈ વગેરે કુટુંબીજનો કરવાના છે. સુકૃત લક્ષ્મીનો હૈયાતિમાં અને પાછળ આ રીતે ધાર્મિક કાર્યોમાં શુભવ્યય સ્વાભાવિક રીતે થાય છે.

## શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજના પટ્ટધર શિષ્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો પાલીતાણા તરફ વિહાર અને જનતાનું અપૂર્વ સ્વાગત.

શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીના પાલનપુરમાં ચાતુર્માસ દરમિયાન શરૂ કરવમાં આવેલ ઉપધાન તપની માળનું મુહૂર્ત હજુ બાકી હતું, તેમજ બીજા કેટલાક માંગલિક કાર્યો કરવાના હતા પરંતુ પંજાબના શ્રીસંઘે, અમુક સમયમાં એક મ્હોટો ઉત્સવ કરવાનો નિર્ણય કર્યો હોવાથી અને આ પ્રસંગે પધારવાની સંઘની સૂરિજીને આગ્રહભરી વિનંતી હોવાથી તેમજ બીજી બાજુ સિદ્ધાચળજીની યાત્રા કરવાની હોવાથી તેઓશ્રીએ તા. ૬–૧૧–૩૩ સોમવારે પાલનપુરથી વિહાર કર્યો. વિહાર સમયે સારૂંયે પાલનપુર સૂરિજીને વિદાયનું માન આપવા માટે જગાણા સુધી આવ્યું હતું, જ્યાં પાલનપુરના શેઠ ડોસાજી વાલજી તરફથી નવકારશી કરવામાં આવેલ તેમજ રાગ-રાગણીપૂર્વક પૂજા ભણાવી અંગરચનાદિ કરવામાં આવેલ.

મહારાજશ્રીની શત્રુંજય યાત્રાની લાંબા વખતથી ભાવના છે અને તેઓશ્રી ઉંઝા, સિદ્ધપુર, મેસાણા, ભોયણી રસ્તે શત્રુંજય જવા સારૂં જ નીકળ્યા હતા. પૂજ્યપાદ શાન્તમૂર્તિ શ્રીમદ્ હંસવિજયજી મહારાજની તબીયત નરમ સાંભળી તાબડતોબ બે દિવસમ કોઇ પણ જાતના સમાચાર આપ્યા સિવાય પાટણ આવી પહોંચ્યા પણ વટેમાર્ગુ મારફત વીજળીના વેગે સમાચાર ફેલાઇ ગયા કે મહારાજશ્રી પાટણ નજદીક આવી ગયા છે અને જોતજોતામાં તો શ્રાવકો અને શ્રાવિકાઓના ટોળેટોળા કોઠા કુઇ દરવાજે ઉભરાવા માંડ્યા. કેટલાક લોકો રાજમહેલના રસ્તે દોડ્યા અને ત્યાંથી ખબર મળ્યા કે તમારા મહારાજ તો સડક છોડી છીંડીઆ દરવાજા બાજુ ગયા. સ્વાગત માટે તાત્કાલિક કશું થઇ શકે એમ હતું નહિ, ફક્ત બેન્ડ સાથે લોકો આવેલા. દરવાજાની અંદર કેટલેક છેટે આગળ ગયા પછી મહારાજશ્રીનો ભેટો થઇ ગયો અને જ્યાં બેન્ડવાળાને આગળ ગોઠવવા માંડ્યા કે તરતજ મહારાજ સાહેબે અટકાવ્યા. મેરેકુ બેન્ડકી જરૂરત નહિ હૈ–કહેતા મહારાજશ્રી ઉપાશ્રય તરફ આગળ વધ્યા. ઉપાશ્રયમાં આવી મંગલિક સંભળાવી હંસવિજયજી મહારાજશ્રી પાસે ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજશ્રીની તબીયત સુધારા ઉપર હતી એટલે એમને સંતોષ થયો. શત્રુંજય જવાની ઉતાવળ હોવાથી બીજે દિવસે સાંજના વિહારની વાત જાહેર કરી. લોકો અધિરા બન્યા અને વ્યાખ્યાનમાં મહારાજશ્રીને રોકાઇ જવાની આગ્રહભરી વિનંતીઓ થઇ. આખરે સંઘના દબાણથી દશમની સવારે જવાનું નક્કી થયું. સાતમ, આઠમ અને નોમના વ્યાખ્યાનોમાં લોકોએ હાજરી આપી મહારાજશ્રીની દેશનામૃતનું પાન કર્યું, છતાં પણ લોકોને સંતોષ થયો નહિ. બપોરે અને સાંજે પણ લોકોએ મહારાજશ્રીને અત્રે ચોમાસાની ન બને તો શત્રુંજયથી પાછા ફરતા પાટણ આવવાની વિનંતિઓ કરી. મહારાજશ્રીએ છેવટે જણાવ્યું કે જો જ્ઞાનમંદિર કે પાયા ડાલ્યા જાયગા તો મૈં પાટણ આઉંગા, તુમ આળસ છોડ કે ઉદ્યમ જારી રખો. અત્રેના મન્સુખ સાહેબ નામદાર ઠક્કર પણ મહારાજશ્રીને મળવા માટે સાતમની સવારે આવ્યા હતા. અડધો પોણો કલાક મહારાજશ્રી સાથે ચર્ચા કરી હતી. ત્રણે દિવસે વ્યાખ્યાનમાં પણ શરૂઆતથી છેવટ સુધી હાજરી આપી હતી અને મહારાજશ્રીની ઉપદેશવાણીથી પોતે ખુશ થયા હતા.

બરાબર પાંચ વાગે આચાર્ય મહારાજે વિહાર કર્યો. હજારોની માનવમેદની તથા ગગનભેદી મહારાજશ્રીના જયના પોકારો વચ્ચે વયોવૃદ્ધ પ્રવર્તકજી કાન્તિવિજયજી તથા શાન્તમૂર્તિ શ્રીમદ્ હંસવિજયજી પોતાની નરમ તબીયત હોવા છતાં પણ ઉપાશ્રયની બારીમાંથી નીરખી રહ્યા હતા. પોતાની અશક્તિથી પોતે સાથે જઈ શકતા નહી હોવાથી ગદ્‌ગદિત કંઠે મહારાજશ્રીને વિદાય આપી રહ્યા હતા. આ વૃદ્ધ મહાત્માઓથી છુટા પડતાં આચાર્ય મહારાજશ્રીનું હૈયું ભરાઇ આવ્યું હતું. આ દિવસની મુલાકાતનો પ્રસંગ હૃદય દ્રાવક હતો. જોડે ઉભેલા ગૃહસ્થો, અન્ય સાધુઓની આંખો પણ ભીની થઇ હતી. આખરે ભારે હૃદયે આચાર્યશ્રીએ આ વૃદ્ધ મહાત્માઓ પાસેથી વિદાય લીધી. મહારાજશ્રી શેઠ ઝવેરચંદ ગુમાનચંદના બંગલે આવી પહોંચ્યા હતા. અત્રે માનવમેદની બેશુમાર વધી ગઇ હતી. મહારાજશ્રીએ માંગલિક સંભળાવતા પહેલાં જ્ઞાનમંદિરનું કામ જલ્દી શરૂ કરવા તથા તેના માટે પ્રયત્ન ચાલુ રાખવા ફરી આગ્રહ કર્યો હતો. સવારમાં સુરિજીએ રણુંજ તરફ વિહાર કર્યો હતો. સાથે કેટલાક શ્રાવકો પણ ચાલતા રણુંજ ગયા હતા.

રેલ્વે ટાઇમની સારી સગવડ હોવાથી લગભગ એક હજારના આશરે માણસ રણુંજ આવ્યું હતું. લોકોનો ઉત્સાહ કોઇ અનેરો હતો. પાટણથી આવેલા મ્હોટા સમુદાયની હાજરીથી સામૈયું અપૂર્વ શોભાયમાન બન્યું હતું. ગામના લોકોએ પણ પોતાનો અપૂર્વ ઉત્સાહ બતાવ્યો હતો. જૈન જૈનેતરો સમક્ષ મહારાજશ્રીએ એક કલાક સુધી દેશના આપી. હિંદી ભાષામાં અપાતી મહારાજશ્રીની સચોટ દેશના સાંભળી મહારાજશ્રી ઉપર લોકો મુગ્ધ બની ગયા હતા. સભામાં આવેલા મુસલમાનો સુદ્ધાં મહારાજની તારીફ કરી રહ્યા હતા. બપોરના પૂજા ભણાવવામાં આવી હતી. ઉનાવાના લોકો મોટરમાં મહારાજશ્રીને વાંદવા આવ્યા હતા દરણુંજ, ઉપરાંત મણુંજ કંથાવી, ધીણોજ વિગેરે જગ્યાએથી પણ માણસોએ સારી હાજરી આપી હતી.

રણુંજની અંદર શ્રાવકોમાં આઠ-નવ વર્ષથી બે પક્ષ હતા. મહારાજશ્રીએ બન્ને પક્ષને ભેગા કરી સમજાવ્યા હતા. ત્રણ કલાકની લાંબી વાટાઘાટ તથા માથાકુટ પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખરે બંને પક્ષના એકેક માણસને પંચ તરીકે ઉઠાવવા અને મહારાજશ્રીને મધ્યસ્થ તરીકે વચ્ચે રાખવા એમ નક્કી થયું. મહારાજશ્રીની સારી સમજાવટથી આખરે ફેંસલો થઇ ગયો અને જુનો કજીયો જતાં ગામમાં આનંદ આનંદ વર્તાઇ રહ્યો. મહારાજશ્રી રણુંજથી ધીણોજ જવાના હતા. તેની સાથે ધીણોજ જવા કેટલુંક માણસ રોકાઇ ગયું હતું. બીજે દિવસે પાટણથી પણ કેટલુંક માણસ ધીણોજ ગયું હતું.

ધીણોજ સંઘે પણ વાવટા, તોરણો, કમાનો, સુત્રોથી રસ્તાઓ તથા ઉપાશ્રય શણગારેલા હતા. મહારાજશ્રીનું સ્વાગત ઉત્સાહપૂર્વક કર્યું હતું. વ્યાખ્યાનમાં પણ મહારાજશ્રીએ સચોટ દેશના આપી હતી.

થોડા વખત ઉપર ધીણોજમાં સોસાયટીની સ્થાપના થઇ છે છતાં સોસાયટીના સભ્યોએ બીજાઓની માફક ભાન ગુમાવ્યું નથી. એ ભાઇઓ સામૈયામાં આવ્યા હતા તથા વલ્લભવિજયજીના સ્વાગતની કવિતા ગવડાવી હતી. વ્યાખ્યાનમાં પણ આવ્યા હતા, અને શાન્તિપૂર્વક મહારાજશ્રીની અમૃત સુધામય વાણીનું પાન કર્યું હતું, પણ મહારાજશ્રીની દેશના સાંભળી એઓ ગુંચવણમાં પડ્યા. સોસાયટીના પ્રચારકો અને નેતાઓએ એમને જે વસ્તુ ભારપૂર્વક સમજાવેલી અને જે સત્ય તરીકે માની લીધેલી તે પ્રત્યક્ષ દેખી શકયા નહિ. ન તો આચાર્યશ્રીએ નાતરાનો ઉપદેશ કર્યો કે ન તો દેવદ્રવ્ય ખાઇ જવાની સલાહ આપી; ન તો ઉપધાન ઉજમણાં વખોડ્યા ન તો દીક્ષા વિરૂદ્ધ પ્રચાર કર્યો; ન તો બીજા સાધુઓની ખોદણી કરી કે ન તો શ્રાવકોને લઢાવી મારવાની વાતો કરી. વ્યાખ્યાન ઉઠયું કે તરતજ એ ભાઇઓ મહારાજશ્રી પાસે આવ્યા. લોકો પાસે જ ઉભેલા હતા. એ ભાઇઓએ પૂછવા માંડયું કે સાહેબ આપ દીક્ષાની વિરૂદ્ધ ઉપદેશ કરો છો, આપ નાતરાનો અને દેવદ્રવ્ય ખાઇ જવાની સલાહ આપો છે, આપ ઉપધાન ઉજમણાને ધુમાડો કહો છો આનું કારણ શું? જવાબમાં મહારાજશ્રીએ જણાવ્યું કે ભાઇ દીક્ષા વિરૂદ્ધ મેં કયારે ઉપદેશ આપ્યો અથવા મેં કયારે દીક્ષા ન આપી? તમો આવો, એકલા આવો કે ટોળાબંધી આવો તો પણ હું વૈરાગ્ય લાયકાત જોઇ દીક્ષા આપવાને તૈયાર છું. મેં કઇ જગ્યાએ નાતરા કરાવ્યા કે દેવદ્રવ્ય ખાવાની સલાહ આપી તે બતાવશો. હજુ પાલણપુરમાં જ ઉપધાન કરાવીને હું આ બાજુ આવું છું. ઉપધાન ઉજમણાને ધુમાડો કોણે કહ્યો છે? સોસાયટીના સભ્યોએ જણાવ્યું કે સાહેબ લોકો કહે છે કે વલ્લભવિજયજીએ કીધું. બાકી પાલણપુરમાં ઉપધાન કરાવ્યા તે અમો જાણીએ છીએ. મહારાજશ્રીએ જણાવ્યું કે લોકો નથી કહેતા સાગરજી કહે છે. સાગરજીએ મારૂં વ્યાખ્યાન સાંભળ્યું નથી અને પુછીને સત્ય હકીકતની ખાત્રી કરી નથી. એમ ને એમ મારૂં નામ દે છે એનો કાંઇ જ અર્થ નથી, મુનિ સંમેલન માટે પુછતાં મહારાજશ્રીએ જણાવ્યું કે હું કાંઇ વિરૂદ્ધ નથી પણ મને સંમેલન થાય એવા ચિન્હો જણાતા નથી. ખાનગી વાતો શું થાય છે એ હું જાણતો નથી. સંમેલન કરાવવા બહાર પડેલા નગીનદાસ કે જીવાભાઇ કાંઇ મારી પાસે આવ્યા નથી. અને પાટણ તથા જામનગરના કજીઆઓનું સમાધાન લાવ્યા સિવાય સંમેલન શી રીતે ભરી શકાશે એ જ હું સમજી શકતો નથી. સભ્યોએ પૂછયું કે સાહેબ તમે સહીઓ કરી આપી છે? મહારાજશ્રીએ જણાવ્યું કે મેં સહી કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી નથી. સોસાયટીના સભ્યો હોવા છતાં એટલી નમ્રતા, શાન્તિ અને વિનયપૂર્વક એ ભાઇઓએ સવાલો પૂછયા હતા.

ત્યાંથી બલોલ થઇ કટોસણ આવતાં સ્ટેટના મેનેજર શ્રીયુત જેઠાભાઇ શ્રીસંઘને લઇ એક માઇલ સુધી સામે આવ્યા હતાં, સામૈયા સાથે ગામમાં લઇ ગયાં. સ્વર્ગસ્થ ઠાકોર સાહેબના ભાઇ આદિ સાથે હતા. મેનેજર સાહેબના આગ્રહથી આચાર્ય મહારાજને પોતાના બંગલામાં ઉતાર્યા. બપોરે વ્યાખ્યાન થયું. અધિકારી વર્ગની સાથે ઠાકોરના ભાઇ આદિએ વ્યાખ્યાન સાંભળી ભારે ખુશી પ્રગટ કરી અને રહેવા માટે ઘણો જ આગ્રહ કર્યો; પરંતુ યાત્રાની ઉતાવળ હોવાથી બીજે દિવસે વિહાર કરી ચૌદશના ભોયણીજી પધાર્યા.

આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી ભોયણી જવાના છે એ વાત જાહેર થઇ ગયેલી હોવાથી પાટણથી, અમદાવાદથી તેમજ આજુબાજુથી કેટલાક શ્રાવક-શ્રાવિકાઓ ભોયણી તીર્થની યાત્રાર્થે તેમજ મહારાજશ્રીના દર્શને એમ બેવડો લાભ લેવા જઇ પહોંચ્યા હતા. અમદાવાદવાળા શેઠ શકરાભાઇ તથા શ્રીમાન શેઠ ચુનીલાલ ભગુભાઇ પણ મોટર મારફત ભોયણી આવ્યા હતા. મહારાજશ્રી સાથે સંમેલન સંબંધી ઘણી ચર્ચા થઇ હતી મહારાજશ્રીએ રૂપરેખા નક્કી કરવાની જરૂરીઆત ઉપર ભાર મૂકયો હતો. શેઠ ચુનીલાલભાઇએ તથા શકરાભાઇએ મહારાજશ્રીને અમદાવાદ પધારવા ખાસ આગ્રહભરી વિનંતી કરી પણ મહારાજશ્રીએ શત્રુંજય જવાની ઉતાવળ બતાવી હતી.

ભોયણીથી દેત્રોજ થઇ વીરમગામ પધાર્યા હતા. મહારાજશ્રીએ વ્યાખ્યાન આપ્યું હતું. હાજરી સારી હતી. બપોરના વિહાર કરી વણી-ઢાંકી થઇ લખતર આવ્યા. અહિંથી સીયાણી થઇ લીંબડી આવી પહોંચ્યા.

એક બાજુથી આચાર્ય મહારાજે લીંબડીમાં પ્રવેશ કર્યો ત્યારે તે જ દિવસે વડોદરાના મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની પણ લીંબડીમાં પધરામણી થઇ. ધામધુમપૂર્વક આચાર્ય મહારાજનું સ્વાગત થયું. ગામમાં આનંદ ફેલાઇ રહ્યો. વ્યાખ્યાનમાં પણ ઘણી જ સારી હાજરી હતી.

વઢવાણ શહેરથી દશ આગેવાન ભાઇઓ મહારાજશ્રીને વિનતી કરવા લીંબડી આવ્ય હતા. તેમના આગ્રહને માન આપી મહારાજશ્રીએ વળતા વઢવાણ આવવાનું જણાવતા તેઓ ખુશી થયા હતા.

મહારાજશ્રી તિલોકચંદજી સાથે આચાર્ય મહારાજશ્રીની મુલાકાત થતાં ઘણી વાતચીતો થઇ. ત્યાંથી મહારાજશ્રી જૈન બોર્ડિંગની મુલાકાતે ગયા હતા. વિદ્યાર્થીઓને ઉપદેશ આપ્યો હતો. ત્યાંથી જ્ઞાનભંડારની મુલાકાત લઇ મહારાજશ્રીએ સંતોષ જાહેર કર્યો હતો.

લીંબડીથી અલાવ, લાઠીદડ થઇ લાખેણી પધારતા વળાના આગેવાનો સૂરિજીને આગ્રહ કરવા આવ્યા હતા. જેને માન આપી તેઓશ્રી વળા પધારતા સંઘે સુંદર સ્વાગત કર્યું. અત્રે ભાવનગરથી આગેવાન ગૃહસ્થો મોટરદ્વારા સૂરિજીને વાંદવા અને ભાવનગર પધારવાનો આગ્રહ કરવા આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળાથી માગશર શુ. ૧૫ વિહાર કરી, ચમારડી, પાલડી, સોનગઢ થઇને મા. વદી પહેલી ૧ શનિવારે શ્રી મોખડકે પધાર્યા. આચાર્યશ્રી મોખડકે પધારવાના છે તેવા ખબર વળાથી પાલીતાણે પહોંચી જતાં સવારના પાલીતાણે આવેલા યાત્રિકો મોખડકે જઇ પહોંચ્યા, અને ગામમાં ખબર થતાં સકળ સંઘ સામૈયું લઇને બહાર આવ્યો; પરંતુ આ. શ્રી બીજે રસ્તેથી ગામમાં આવી ગયેલા. બપોરના પાલીતાણા શ્રીસંઘના આગેવાનો, નગરશેઠ, શ્રી આણંદજી કલ્યાણજીના મુનિમ, શ્રી સિદ્ધક્ષેત્ર મોટી ટો૦ નું ડેપ્યુટેશન વગેરે ત્રણશેંહ ભાઇઓ મોખડકા પહોંચી ગયા. **ज्ञानक्रियाभ्यां मोक्षः** ઉપર વ્યાખ્યાન થતાં મોખડકામાં શેઠ ગાંડાલાલ ડાહ્યાભાઇ તરફથી પાઠશાળા ખોલવાની માગણી થઇ અને તેજ દિવસે આચાર્યશ્રીના નેતૃત્વ નીચે પાઠશાળા ખુલ્લી મૂકવામાં આવી.

આ. શ્રી વિજયવલ્લભસૂરિ અઢારવર્ષે પાલીતાણે પધારે છે તેવા ખબર ગામમાં ફેલાતાં ચોતરફ ઉત્સાહ વધી ગયો. મોટી ટોળીએ સ્વાગતની તૈયારી કરી અને પેઢી, શ્રીસંઘ કે ટોળીના ભેદ વિના આબાલવૃદ્ધ બીજી એકમ રવિવારે સવારમાં સ્વાગત માટે મોખડકાની સડકનાં રસ્તે નીકળી પડયું. દુકાનોને જરીયનથી શણગારવામાં આવી. ચોતરફ ધ્વજા પતાકા, સ્વાગત બોર્ડો ટંગાઇ ગયા અને સ્ટેટ બેન્ડ, પોલીસપાર્ટી, સ્વારપાર્ટી, શેઠ આણંદજી કલ્યાણજી તરફથી ઇંદ્રધ્વજ હાથી, ઘોડા, ગુરૂકુળ બેન્ડ, ગામનું બેન્ડ, શ્રી યશોવિજય, જૈન ગુરૂકુળ, શ્રી જૈન બાળાશ્રમ, શ્રાવિકાશ્રમ, શ્રી બ્રહ્મચર્યાશ્રમ વગેરે દરેક સંસ્થાના બાલક, બાલિકઓ, ગુરૂવંદન અને સ્વાગતમાં આવી પહોંચ્યાં. શ્રી ન્યુ જૈન સેવાસમાજ તેમજ શ્રી બુદ્ધિસિંહજી જૈન પાઠશાળાના સ્વયંસેવકો સેવા વ્યવસ્થાના કાર્યમાં રોકાઇ ગયા. આચાર્યશ્રી પધારતાં પહેલાં મોખડકાની સડક ઉપર આ બધી તૈયારી જોઇને આચાર્યશ્રીને સરઘસમાં જોડાવું પડ્યું. આચાર્યશ્રી પાલીતાણે પધારવાના છે તેવા ખબર ભાવનગરમાં પહોંચી જતાં શનિવારે શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી વિજયધર્મ પ્રકાશક સભા, શ્રી જૈન યુવકસંઘ, શ્રી વડવા જૈન મિત્ર મંડળ વગેરેના સભ્યો દર્શન–સ્વાગતનો લાભ લેવા આવી પહોંચ્યા હતા. ગામમાં પ્રવેશ થતાં સ્થાનિક બીરાજતા સદ્ગુણાનુરાગી મુનિ શ્રી કર્પૂરવિજયજી મ. ઉ. શ્રી શ્રી દેવવિજયજી, મુનિ ી રંગવિજયજી, પ્રવર્તક શ્ર૰ સુખસાગરજી મ. મુનિશ્રી મંગળસાગરજી મ. મુનિશ્રી અમરવિજયજી મ. વગેરે સપરીવાર પધાર્યા હતા. તેમજ દરેક સાધ્વીજી મહારાજો પણ પધાર્યાં હતાં માર્ગમાં ગહુલીઓ અને દરેક સંસ્થાઓએ સ્વાગત ગીતોથી ગુરૂસત્કાર કર્યો. બે કલાકે શ્રી મોતીકડીયાની ધર્મશાળાના નવા બંધાએલ વિશાળ હોલમાં વ્યાખ્યાન આપવામાં આવ્યું. સરઘસનું વિશાળ દશ્ય અને વ્યાખ્યાનની ગરદીનો અજોડ પ્રસંગ જોતાં જનતાનો ઉત્સાહ અને અપૂર્વ ભક્તિ તરી આવતાં હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"આત્માનંદ પ્રકાશ" નો આજના અંકનો ખાસ વધારો.

## નવીન વધામણી.

# મહાવીર જયંતિ સુધીજ

## ખાસ ઘટાડેલા ભાવ.

જૈન ધર્મનાં તેમજ જૈનતર હરકોઇ પુસ્તકો બીજેથી મંગાવતા પહેલાં અમોને પૂછાવી બીજેથી મંગાવવા વિનંતી છે, કારણ કે મ્હારે ત્યાં જૈનધર્મનાં **મુંબાઇ, ભાવનગર, સુરત, પાલીતાણા** ઇત્યાદિ સ્થળોએ છાપેલાં તમામ પુસ્તકો હંમેશાં મોટા જથ્થામાં રહે છે ને **લાયબ્રેરીઓ** તથા **પાઠશાળાઓને** ખાસ કિમ્મતથી જ મોકલવામાં આવે છે. અમારો **મુખ્ય ઉદ્દેશ જ્ઞાનનો બહોળા** પ્રમાણમાં ફેલાવો કેમ થાય તેમ કરવા ઇચ્છા છે, તો દરેક ગ્રહસ્થે પોતાનાં **સંતાનોને બુદ્ધિશાળી** બનાવી કોઇપણ જાતના ખોટા વ્યસનોથી અટકાવવા હોય તો સારાં એકી અવાજે વખણાયલાં પુસ્તકો ખરીદ કરી તમારાં સંતાનોને ઉત્તમ રસ્તે દોરો. અમારાં છાપેલાં પુસ્તકોને જનસમૂહનો એટલો બધો સત્કાર મળ્યો છે કે ઘણાખરાં પુસ્તકોની આઠ, નવ ને પંદર આવૃતિઓ સુદ્ધાં થયેલી છે તે જ તેની ઉપયોગીપણાનો સચોટ પૂરાવો છે. તો દરેક ગ્રહસ્થે જૈનધર્મની, તેમજ વ્યવહારિક, નૈતિક, રાષ્ટ્રીય, નોવેલો, વૈદ્યક, જ્યોતીષ અગર હરકોઇ જાતનાં પુસ્તકો મંગાવતી વખતે અમોને ટ્રાયલ દાખલ ભાવ પૂછાવી ખાત્રી કરવી.

લી. **બાલાભાઇ છગનલાલ શાહ**

**પુસ્તકો પ્રગટ કરનાર ને વેચનાર.**

ઠે. ફીકાભટ્ટની પોળ—**અમદાવાદ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાન લાભ લ્યો નહિ તો રહી જશો.

## છપાય છે! છપાય છે!! છપાય છે!!!

# 卐 જૈન સજ્ઝાયમાળા. 卐

## ભાગ ૧ લો (સચિત્ર)

સાતમી આવૃત્તિ ખલાસ થઇ છે, આઠમી આવૃત્તિ છપાય છે. આ પુસ્તકમાં ઉત્તમ સજ્ઝાયો, સ્તવનો, છંદો, લાવણીઓ, ચોઢાલીયાં વિગેરે ઘણા ઉત્તમ વિષયો આવશે. આ પુસ્તકનાં વખાણ કરવા તે **સોનાને ઢોળ ચડાવવા જેવું છે,** કારણ કે તેની સાત આવૃત્તિઓ ખલાસ થઈ છે તે જ તેની લોકપ્રિયતાનો ઉતમ પુરાવો છે. પૃષ્ઠ સંખ્યા ૨૨૪ આશરે થશે તથા પાકા પુંઠાથી સુશોભિત બંધાઇ બહાર પડશે. આ પુસ્તક સામાયિક ક્રિયા કરતી વખતે વાંચવાથી આત્માને અનહદ આહ્લાદ ઉત્પન્ન થાય છે. આ પુસ્તકમાં ભાવવાહી સુંદર ૪ થી ૬ ચિત્રો આપવામાં આવશે તેની ટુંક વિગત—

૧ પાર્શ્વનાથ ને કમઠ તાપસનો પરીસહ, ૨ મેઘરથ રાજાએ પારેવાની ચિંતવેલી દયા, ૩ બાહુબળજીનું મુષ્ટિયુદ્ધ, તેનાથી ઉપજેલો વૈરાગ્ય, ૪ ધન્નાને સ્નાન કરતી વખતે ઉપજેલો વૈરાગ્ય, ૫ કળાવતીના કપાયેલાં કાંડા નવપલ્લવ થયાં તેનું દ્રષ્ય ઇત્યાદિ ચિત્રો આપવામાં આવશે. અગાઉથી ગ્રાહક થનારને કિંમત રૂા. ૧-૦-૦ એક તથા પોસ્ટેજ રજીસ્ટર સાથે રૂા. ૦-૬-૦ છ આના મળી રૂા. ૧-૬-૦ નો મનીઓર્ડર કરી નામ નોંધાવવા વિનંતી છે. દશ નકલ એક શખ્સ રાખશે, અગર ગ્રાહક કરી ભરાવશે તેને એક નકલ વધુ આપવામાં આવશે. પાછળથી ખરીદનારને કિંમત રૂા. ૧-૮-૦ એક રૂપીઓ આઠ આના તથા પોસ્ટેજ રજીસ્ટર તથા મનીઓર્ડરના આઠ આના મળી કુલ રૂા. ૨-૦-૦ થશે. આ પુસ્તક જેમ બને તેમ તાકીદથી છપાવી તૈયાર થયેથી મોકલવામાં આવશે માટે વિલંબ નહીં કરતા તુરત લખવા મહેરબાની કરવી.

આ પુસ્તક વિષે જાહેર પેપરોના અભિપ્રાયોમાંથી થોડાક નીચે ટાંકીએ છીએ.

**સાંજવર્તમાન તા. ૨૫-૧૦-૨૪ ના અંકમાં લખે છે કે—અમદાવાદ કીકાભટ્ટની પોળવાળા બુકસેલર બાલાભાઇ છગનલાલ** તરફથી જૈન ધર્મના અનુયાયી માટે ખાસ નોંધ લેવા લાયક અને અતિ ઉપયોગી વૈરાગી અને ઉપદેશક અપૂર્વ સજ્ઝાયો, સ્તવનો, છંદો, પદ વિગેરેથી ભરપુર શ્રી જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સજ્ઝાયમાળા ભાગ ૧ લાની** સાતમી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. તેની એક નકલ અમોને અવલોકનાર્થે મળી છે. આ પુસ્તકમાં કેટલાક સજ્ઝાયાદિક એવા તો વૈરાગ્યકારક છે કે જેથી વાંચનાર-સાંભળનાર પ્રાણીને જ્ઞાન ઉત્પન્ન થઈ પરમપદની પ્રાપ્તિ થાય છે. આ પુસ્તકમાં ૧૭૩ વિષયોને લગતાં સ્તવનો, છંદો વગેરેનો સમાવેશ કરવામાં આવેલો છે. જૈન બંધુઓને આ પુસ્તક કેટલું બધું ઉપયોગી થઇ પડયું છે તેનો ખ્યાલ માત્ર એટલા જ ઉપરથી આવી શકશે કે તેની સાતમી આવૃત્તિ પ્રસિદ્ધકર્તાએ જૈન બંધુઓ સન્મુખ રજુ કરીને જૈન ધર્મની અચ્છી સેવા બજાવી છે. આ પુસ્તક ૨૧૬ પૃષ્ઠનું હોવા સાથે પાકા પુંઠાની બાંધણીનું હોવા છતાં તેની કિમ્મત માત્ર રૂા. ૨) બે રાખવામાં આવી છે.

**હિંદુસ્તાન પત્ર તા. ૨૭ સપ્ટેમ્બર સને ૧૯૨૪ ના અંકમાં લખે છે—જૈન સજ્ઝાયમાળા ભાગ ૧ લો**—સંશોધન કરી પ્રગટ કરનાર **બાલાભાઇ છગનલાલ શાહ**—અમદાવાદ. મુલ્ય રૂપીયા બે. સજ્ઝાયમાળાની આ સાતમી આવૃત્તિ છે એ ઉપરથી સમજી શકાય એવું છે કે જૈનોમાં આ પુસ્તક કેટલું આવકારદાયક થઈ પડયું છે. જૈન તીર્થંકરો, મુનિઓ, સદ્દગુરૂઓ તેમજ જૈન ધર્મના પવિત્ર સિદ્ધાંતો ઉપર રચાયેલી લગભગ પુણાબસો સજ્ઝાયોનો આ સંગ્રહ છે. આ પુસ્તકમાં કાગળો, છપાઈ, પુઠું વિગેરે સારા છે. એકંદર પુસ્તક જૈનોને માટે ઉપયોગી છે.

**ગુજરાત કેશરી તા ૧૬–૧૧–૨૪ માં લખે છે કે—**

**જૈન સજઝાયમાળા ભાગ ૧ લો. પ્રકાશક**—બાલાભાઇ છગનલાલ શાહ કિંમત રૂા. ૨–૦–૦

આ પુસ્તકમાં જૈનધર્મને લગતા અનેક છંદો, સ્તવનો, લાવણીઓ, સજ્ઝાયો વિગેરે આવેલાં છે. પુસ્તકના કાગળ, છપાઈ, બાઇન્ડીંગ ઇત્યાદિ અતિ સુંદર હોઈ જૈનધર્મીઓમાં ભેટ આપવા લાયક આ પુસ્તક છે.

બીજા અભિપ્રાયો સ્થળસંકોચના લીધે આપી શકયા નથી.

| પુસ્તકની નકલ | ગ્રાહકનું નામ | ગામ | પોસ્ટ |
|---|---|---|---|
| | | | |

લી૦

**બાલાભાઇ છગનલાલ શાહ**

જૈન બુકસેલર એન્ડ પબ્લીશર

ઠે૦ કીકાભટ્ટની પોળમાં—**અમદાવાદ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તૈયાર છે ! તૈયાર છે ! ! તૈયાર છે ! ! !

# જૈન સજ્ઝાયમાળા ભાગ ૨ જો. (સચિત્ર)

### આવૃત્તિ નવમી

### આ બીજા ભાગમાં શું વાંચશો ?

પ્રથમ છ લેશ્યાનું ચિત્ર તથા તેનું સંક્ષિપ્ત વૃત્તાંત. ત્યારબાદ આ પુસ્તકમાં સજ્ઝાયો, સ્તવનો, છંદો, વૈરાગી પદો વિગેરે ૧૯૪ વિષયો આવેલા છે. આ પુસ્તકમાં કામદેવની સજ્ઝાય, કામદેવ શ્રાવકની સમકિતની દેવતા પરીક્ષા કરી ભયંકર ઉપસર્ગો કરે છે પરંતુ તે ડગાયમાન થતા નથી તેનું ચિત્ર. ૨. કૃષ્ણ અને બળદેવ દ્વારિકાને પ્રજળતી જોઇ અત્યંત દુ:ખી થાય છે ને અટકાવવા સમર્થ નથી તેનો દેખાવ. ૩ જંબુસ્વામી અને તેમની આઠ સ્ત્રીઓનો સંવાદ ને તેમનું ચિત્ર. ૪ મેઘકુમારે હાથીના ભવે સસલાની ચિંતવેલી દયા તેનું ચિત્ર. ૫ સુભદ્રાના શિયળની કસોટીનું ચિત્ર ઇત્યાદિક ચિત્રો આવવાથી વાંચવામાં તથા સમજવામાં ઘણો જ આનંદ ઉપજે છે. આ પુસ્તકમાં આવેલ ચિત્રોમાંનું એક જ ચિત્ર જોવાથી મનને કેટલો અહ્લાદ ઉત્પન્ન થાય છે.

આ પુસ્તક ઉંચા કાગળ ઉપર છપાવી પાકા પુંઠાથી બંધાવી બહાર પાડેલું છે, માટે દરેકે દરેક જૈનના ઘરમાં અવશ્ય હોવું જોઇએ. કિમ્મત દોઢ રૂપીઓ. પોસ્ટેજ રજીસ્ટર્ડ મનીઓર્ડર સાથે રૂા. ૦-૮-૦ મળી રૂા. ૨-૦-૦

# જૈન સજ્ઝાયમાળા ભા. ૩ જો.

### આવૃત્તિ ચોથી

આ પુસ્તકમાં પ્રથમના બે ભાગમાં નહી આવેલી સજ્ઝાયો, સ્તવનો, છંદો, લાવણીયો ઇત્યાદિ ઘણા જ ઉત્તમોત્તમ ૨૬૬ વિષયો આવેલા છે. આ પુસ્તકમાં પાંચમો આરો પ્રવર્તે ૩૦ બોલ પ્રગટ થશે તે આપવામાં આવેલ છે. આ પુસ્તકની ત્રણ આવૃત્તિઓ ખપી જવાથી ચોથી આવૃત્તિ બહાર પડી છે. પૃષ્ઠ સંખ્યા ૨૩૨ ઊંચા કાગળ ઉપર છપાવી પાકા એમ્બોઝીંગ પૂંઠાથી બંધાવેલ છે. કિમ્મત દોઢ રૂપીઓ. પોસ્ટેજ વી. પી. સાથે રૂા. ૨-૦ ૦

# જૈન સજ્ઝાયમાળા ભાગ ૪ થો.

આ પુસ્તકમાં પ્રથમના ત્રણ ભાગમાં નહી છપાએલી સજ્ઝાયો, સ્તવનો, છંદો, લાવણીઓ તેમજ તે ઉપરાંત જ્ઞાતાજીસૂત્રમાં આવેલ કર્મવિપાક કાવ્ય, મનુષ્ય કયા કર્મને ઉદયે કઈ ગતિમાં જાય છે તે વિષય અવશ્ય જાણવા જેવો છે. તે ઉપરાંત ઘણા મુનિરાજોની કૃતિઓ છે. કિમ્મત દોઢ રૂપીઓ પોસ્ટેજ વી. પી. સાથે રૂા. ૦-૮-૦ મળી રૂા. ૨-૦-૦ પૃષ્ઠ સંખ્યા ૨૦૦ ઉંચા ગ્લેજ કાગળ ઉપર છપાવી પાકા પૂંઠાથી બંધાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુયગડાંગસૂત્ર મૂળનો
# પાંચમો ભાગ.

લેખકઃ—મુનિ માણેક ( ખરતરગચ્છ )

પ્રકાશકઃ—શા. ત્રિકમલાલ ઊગરચંદ વકીલ.

સદરહુ સુયગડાંગ સૂત્રનો પાંચમો ભાગ અધ્યયન ૩ થી ૭ પ્રાકૃતમૂળ સાથે ટીકાને આધારે સ્પષ્ટીકરણથી ગુજરાતી ભાષાંતર કરવામાં આવ્યું છે. દરેક તત્ત્વાભિલાષી જૈને અવશ્ય ખરીદવું જોઇએ.

જેમાં પચ્ચખ્ખાણ, આહાર, અનાહાર જીવ, અજીવ, પુણ્ય, પાપ, લોક, અલોક, બંધ, મોક્ષ ઇત્યાદિનું સુંદર રીતે વર્ણન કરવામાં આવ્યું છે. નય, નિક્ષેપ, સ્યાદ્વાદ, પર્યાય, પુદ્ગળ, દ્રવ્ય, જ્ઞાન, ક્રિયા વિગેરે જૈન તત્ત્વજ્ઞાનનું ઉંડું રહસ્ય બતાવી સર્વજ્ઞપ્રણિત ધર્મનું આબેહુબ વર્ણન કર્યું છે.

આ સૂત્રમાં પ્રત્યાખાન કરવાની બાબતમાં પચ્ચખાણ કેટલું ફળદાયી છે ને પ્રત્યાખ્યાન ન કરનારને કેવી રીતે પાપ લાગે છે તે વિષે સંપૂર્ણ ખ્યાન, સાધુ અનાચાર આશ્રયથી દૂર રહે છે તે વિષે, અનાચાર છોડવા વિષે, મોક્ષગામી જીવ નહિ રહે તે ન બોલે, મોટા નાના જીવને હણવાથી સરખું કે ઓછું-વધતું પાપ છે તે ન બોલે, આધાકર્મી આહાર ખાવાથી દોષ થાય કે ન થાય તે ન બોલે, પાંચ શરીરનો સંબંધ તેમજ તેની શક્તિનું વર્ણન, વ્યાપારી લોકો સાથે શ્રી મહાવીરની સરખામણી, માંસભક્ષણના દોષો, સાધુએ પોતાના માટે રાંધેલું અનાજ પણ ના ખાવું, સારા સાધુની પ્રશંસા વિગેરે ઘણા વિષયો આપેલા છે.

તે સિવાય ઉદકપેઢાલના પ્રશ્નો, શ્રી ગાતમ ગણધરનાં ઉત્તરો, આર્દ્રકુમારનું અધ્યયન, તેનો શ્રેણિકપુત્ર અભયકુમાર સાથે થયેલો સંબંધ, ગૌશાલકમત, બૌદ્ધમત સમીક્ષા, એકદંડી તથા બ્રાહ્મણો સાથે થયેલા સંવાદો વગેરે વિષયો વાંચવાથી જૈન મતનું અદ્વિતીય સ્વરૂપ જાણી શકશો. પૃષ્ઠ સંખ્યા ૩૫૦ પાકું છીંટનું પુંઠુ છતાં કીંમત માત્ર રૂા. દોઢ.

સદરહુ મુનિ માણેકના બનાવેલા સુયગડાંગના ભા. ૧-૨-૩-૪ વિગેરે મળશે.

લખોઃ—

**બાલાભાઈ છગનલાલ શાહ**

જૈન ધર્મના પુસ્તકો પ્રગટ કરનાર અને વેચનાર

કીકાભટ્ટની પોળ—**અમદાવાદ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જરા વાંચવા તસ્દી લેશો!!!

## જૈન ધર્મનાં અત્યુત્તમ પુસ્તકો મળવાનું જાુનું ઠેકાણું.

| પુસ્તકોનાં નામ. | મૂળ કીંમત | ઘટાડેલી કીં. |
|---|---|---|
| જૈન સઝાયમાળા ભા. ૧-૨-૩-૪ દરેકના | ૨-૦-૦ | ૧-૮-૦ |
| તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) આવૃતિ બીજી | ૨-૮-૦ | ૨-૦-૦ |
| જૈન કથા સંગ્રહ ભાગ ૧ લો આવૃત્તિ ત્રીજી | ૧-૮-૦ | ૧-૦-૦ |
| કૃતઘ્ની કેસર | ૧-૮-૦ | ૧-૪-૦ |
| સદ્‌ગુણી સુશીલા | ૧-૪-૦ | ૧-૦-૦ |
| પ્રતિભાસુંદરી અથવા પૂર્વકર્મનું પ્રાબલ્ય | ૧-૮-૦ | ૧-૦-૦ |
| જૈન ધર્મ | ૨-૦-૦ | ૧-૧૨-૦ |
| જૈન સતી રત્નો ( સચિત્ર ) | ૧-૪-૦ | ૧-૦-૦ |
| જૈન સ્તુતિ શાસ્ત્રી | ૦-૯-૦ | ૦-૮-૦ |
| કર્મપરીક્ષા (દૈવી ચક્રનો ચમત્કાર) | ૨-૦-૦ | ૧-૮-૦ |
| યોગશાસ્ત્ર કેસરવિજયજીકૃત | ૨-૦-૦ | ૧-૧૪-૦ |
| મલયાસુંદરી આદર્શ નોવેલ | ૧-૪-૦ | ૧-૩-૦ |
| તેજસાર રાજાનો રાસ | ૧-૦-૦ | ૦-૮-૦ |
| અમૂલ્ય શિક્ષા | ૦-૮-૦ | ૦-૪-૦ |
| મહિલા મહોદય (સચિત્ર) ભા. ૧ લો તથા ૨ જો દરેકના | ૨-૦-૦ | ૧-૮-૦ |
| ધર્મબિન્દુ | ૨-૦-૦ | ૧-૦-૦ |
| વૈરાગ્યશતક ભાષાંતર કથાઓ સાથે | ૧-૮-૦ | ૧-૦-૦ |
| જૈન સિદ્ધાંતોની વાર્તાઓ ભા. ૧ લો તથા ૨ જો | ૧-૦-૦ | ૦-૧૨-૦ |
| બાળ ગ્રંથાવળી ભા. ૧ થી ૬ જૈન કથાઓ દરેક સેટમાં વીસ વીસ કથાઓનો સેટ) દરેક સેટની કિં. | ૧-૮-૦ | ૧-૪-૦ |
| સુયગડાંગસૂત્રનું ભાષાંતર | ૧-૮-૦ | ૧-૪-૦ |
| સુયગડાંગસૂત્ર વિભાગ ૫ મો મુનિ—માણેકકૃત | ૧-૮-૦ | ૧-૪-૦ |
| જૈન સુબોધ ભક્તિમાળા | ૦-૫-૦ | ૦-૩-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| | | |
|---|---|---|
| કલ્પસૂત્રનું ગુજરાતી ભાષાંતર સચિત્ર ( મુંબઇ મેન્ટી ) | ૪-૦-૦ | ૩-૦-૦ |
| પુણ્યપ્રભાવ ( સમરાદિત્ય સચિત્ર ) | ૪-૦-૦ | ૨-૮-૦ |
| ,, ચિત્ર વિનાનું | ૪-૦-૦ | ૨-૦-૦ |
| જૈનમહાભારત પાંડવ સચિત્ર | ૪-૦-૦ | ૩-૦-૦ |
| મહાવીર જીવન વિસ્તાર સચિત્ર | ૨-૦-૦ | ૧-૦-૦ |
| ધન્ના-શાલિભદ્રનો રાસ સચિત્ર | ૧-૮-૦ | ૦-૮-૦ |
| જૈન સ્તુતિ ગુજરાતી | ૦-૪-૦ | ૦-૩-૦ |
| કાવ્ય કલ્લોલ | ૧-૦-૦ | ૦-૧૦-૦ |
| ગામ્યગોરી સચિત્ર. આદર્શ નવલકથા | ૨-૦-૦ | ૧-૮-૦ |
| કનકાવતી મુનિ બાળવિજયકૃત | ૧-૪-૦ | ૧-૦-૦ |
| વિમલમંત્રીનો વિજય | ૨-૦-૦ | ૧-૮-૦ |
| જૈન સાહિત્યની કથાઓ ભાગ ૧ લો તથા ભાગ ૨ જો | ૦-૫-૦ | ૦-૪-૦ |
| રત્નસેન રત્નમંજરીનો રાસ | ૦-૪-૦ | ૦-૩-૦ |
| ઉપમીતી ભવપ્રપંચ ભા. ૧-૨-૩ | ૯-૮-૦ | ૯-૦-૦ |
| અધ્યાત્મ કલ્પદ્રુમ | ૨-૮-૦ | ૨-૪-૦ |
| અધ્યાત્મ સાર | ૨-૦-૦ | ૧-૧૪-૦ |
| શ્રીપાળ રાજાનો રાસ સચિત્ર | ૩-૦-૦ | ૧-૮-૦ |
| સુયગડાંગસૂત્ર ભા. ૧-૨-૩-૪-૫ મો દરેકના | ૧-૮-૦ | ૧-૪-૦ |
| મુનિરાજ શ્રી માણિકમુનિકૃત | | |
| અર્પણ | ૧-૦-૦ | ૦-૧૨-૦ |
| જગતશેઠ | ૧-૪-૦ | ૧-૦-૦ |

ઉપરનાં પુસ્તકો સિવાય મુંબઇ, ભાવનગર, પાલીતાણા, સુરત ઇત્યાદિ દરેક સંસ્થાઓના છાપેલા જૈન તેમજ જૈનેતર પુસ્તકો મોટા સ્ટોકમાં મળે છે. એક વાર મંગાવી કામ પાડવા વિનંતી છે. સામટા લાયબ્રેરી તથા પાઠશાળા સારૂ ઇનામ બદલ મંગાવનારને ખાસ ફાયદાથી જ આપવામાં આવશે.

લી૦ જુના અને જાણીતા

**બાલાભાઇ છગનલાલ શાહ**

પુસ્તકો પ્રગટ કરનાર સાહિત્યપ્રચારક.

ઠે. કીકાભટ્ટની પોળ,

મંગાવો— ... સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


જરૂર વાંચો ! જરૂર વાંચો !!

# અદ્ભુત સામાજિક નવલકથા

## ગામ્યગૌરી અથવા વર્તમાન સમયની વિલક્ષણતા.

( સચિત્ર )

આ અત્યુત્તમ બોધદાયક પુસ્તકની ઉપોદ્ઘાત વિદ્વાન સાક્ષરરત્ન શ્રીયુત મગનભાઇ ચતુરભાઇ પટેલે (બેરીસ્ટરે) લખી છે. આર્ય સન્નારીનું ગૃહજીવન સુંદર રીતે આલેખી, સંસાર સ્વર્ગ તુલ્ય કેમ બનાવાય ? દુઃખમાં ધીરજ અને સુખમાં નિરભિમાનપણે રહી જીવન સાફલ્યનો મંત્ર આબેહુબ રીતે બતાવ્યો છે. તે સિવાય લક્ષ્મીવાનોની લીલા, મોદીનું મનુષ્યત્વ, હાય દરિદ્રતા દુઃખી દંપતી, આર્યનારીધર્મ વિગેરે ઉત્તમ પ્રકરણોથી સુશોભિત, ગૃહ લાયબ્રેરીના શણગારરૂપ આ પુસ્તક અવશ્ય ખરીદો. ૨૫૦ પૃષ્ઠ, ૭ સુંદર ચિત્રો, છતાં કિંમત ફક્ત રૂપીઓ દોઢ, પોસ્ટેજ અલગ

મફત ! મફત !! મફત !!!

# શ્રી ધન્ના શાલિભદ્રનો રાસ ( સચિત્ર )

સુપાત્રદાનનો અપૂર્વ મહિમા દર્શાવનાર, કર્મના અચળ સિદ્ધાંતો રજુ કરનાર, અનેક રાગરાગણીઓથી ભરપુર આ ઉત્તમ ધર્મ-ગ્રંથ અવશ્ય વાંચો, જેમાં ધન્નાનું પરાક્રમ, તેનું બુદ્ધિબળ, કળાકૌશલ્ય, ઉદારતા, સંપૂર્ણ સુખસાહ્યબી છતાં સંસારત્યાગ વિગેરેનો આબેહુબ ચિતાર તમારૂં હૃદય ડોલાવી મૂકશે. સુંદર ભાવવાહી ચિત્રો, પાકું પુંઠું, ૩૦૦ પૃષ્ઠ છતાં કિં. માત્ર રૂ. ૧ા પરંતુ અમારૂં 'સઝાયમાળા ભાગ ૨ જો' નામનું સચિત્ર પુસ્તક જેની કિંમત રૂા. ૨) છે તે મંગાવનારને આ પુસ્તક મફત (ભેટ) મળશે, માટે આજેજ રૂા. ૨-૯-૦ (પોસ્ટેજ સાથે)નો મનીઓર્ડર મોકલી બંને પુસ્તકો મંગાવી લ્યો.

લી. બાલાભાઇ છગનલાલ શાહ

પુસ્તકો પ્રગટ કરનાર ને વેચનાર

ઠે. ફીકાભટ્ટની પોળ- અમદાવાદ.

...ત્ર વિભાગ

જૈન સુબોધ ભક્તિમાળા


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શા. હરીચંદ મીઠાભાઇનું ખેદકારક અવસાન.

આ બંધુ ભાવનગરના રહેવાસી હતા. ઉમર લગભગ ૭૪ વર્ષની થઇ હતી. સરલ-પ્રકૃતિવાળા, શાંત અને ધર્મક્રિયામાં પરાયણ રહેતા હતા. આર્થિક સ્થિતિ સારી હોઇ સત્કાર્યોમાં વારંવાર ધનવ્યય કરતા હતા. પુત્રસંતતિ નહોતી આ સભાના લાઇફ મેંબર હતા. કાર્તિક વદિ ૫ મે થયેલા તેમના અભાવથી સભાને એક ધર્મિષ્ટ સભાસદની ખોટ પડી છે. તેમના શ્રેયાર્થે નજીકમાં અઠ્ઠાઇ મહોત્સવ અને સંઘસ્વામીવાત્સલ્ય થવાનું છે. અમે તેમના બંધુ ઠાકરસી, તેમના પુત્ર દામોદરદાસ વિગેરે કુટુંબીઓને અંતઃકરણપૂર્વક દિલાસો આપીએ છીએ અને તેમના આત્માને શાંતિ પ્રાપ્ત થાય તેમ ઇચ્છીએ છીએ.

## ભાઇ શ્રી ચંદુલાલ વલ્લભદાસનું શોકજનક પંચત્વ.

ભાઇ શ્રી ચંદુલાલ લગભગ પચ્ચીશ વર્ષની યુવાન ઉમરે ભાવનગરમાં કારતક વદિ ૧૨ ને દિવસે અવસાન પામ્યા છે. આ બંધુ ઉત્સાહી યુવક હતા. જ્ઞાતિએ દશાશ્રીમાળી હતા. એમના પિતાશ્રીને એકના એક પુત્ર હતા. શાંત, મિતાહારી અને મીલનસાર સ્વભાવવાળા હતા. આયુષ્ય અલ્પ હોવાથી નાની ઉમ્મરે કાળનો ગ્રાસ થઇ પડયા છે. એઓ સભાના લાઇફ મેંબર હતા. એમના ખેદજનક અવસાનથી આ સભાને ઉપયોગી સભાસદની ખોટ પડી છે. અમે તેમના પિતાશ્રી તથા કુટુંબીઓને અને સ્નેહીવર્ગને અંતઃકરણપૂર્વક આશ્વાસન આપીએ છીએ અને તેમના આત્માને ચિરકાળ શાંતિ મળે તેમ ઇચ્છીએ છીએ.


તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

## દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્ર-શબ્દાર્થ-ભાવાર્થ-અન્વયાર્થ સહિત.

બાળઅભ્યાસીઓને પોતાના અભ્યાસમાં બહુ જ સરલ પડે તેવી રીતે આ બુક તૈયાર કરી છપાવેલ છે.

દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં ઘણીજ વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં કે જેથી આ બુક પ્રમાણે દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુકમાં અનેક વિષયો દાખલ કરી તૈયાર કરવામાં આવી છે. આ બુકની કિંમત માત્ર નામની જ દશ આના તથા ટપાલખર્ચ ત્રણ આના રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઇને જ છે. મંગાવો—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૬૦. માર્ગશિર્ષ. આત્મ સં. ૩૮. અંક ૫ મો.

## વીર—હાક.

"સર્વ શહેરોના માણસોને સમાન અને સાધારણ સુખપ્રાપ્તિ થાય અને છેવટે દેશમાં તવંગરને સુખ યશ મળે, ગરીબ સુખે રોટલો પેદા કરે, દેશમાં મોટાં મોટાં કારખાનાં નીકળે, પૈસેટકે દેશ તાજો થાય, ઉપજ ઘણી અને સુંદર થાય, એવી ઉત્તમ જનસો પરદેશમાં અને જાંહાં અછત હોય તાંહા વેચાય; વિદ્યા, હુન્નરો બહોળા લોકોમાં પાણીમાં નાખેલા કાંકરાથી જેમ કુંડાળા મોટા થયાં જાય તેમ ફેલાય; એવી એવી વાતોના સાધન કરવાની ઉલટ લાવવી અને તેમ કરવા મંડી પડવું એનું નામ દેશાભિમાન.

× × ×

"દેશની હાલત સુધારવામાં દરએક માણસને બે પ્રકારનાં દેવાં ચૂકાવવાના હોય છે, એક તો પોતે જ મહેનત કરવી અને બીજું એ કે બીજાઓને એ કામ સારૂ બની શકે તેટલી મદદ કરવી—આ બે દેણ અદા થયેથી સ્વદેશાભિમાન દ્રઢ થાય છે."

નર્મગદ્યમાંથી.

For Private And Personal Use Only